**સુવિચાર**

માણસ લાકડીનાં સહારે ચાલે છે એ વાત ખરી પણ તેનો અર્થ એ નથી કે લાકડી માણસને ચલાવે છે. ચાલવું તો માણસે પોતાની શકિતથી જ પડે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૧૦/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ આસો વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૨૬૫




## સમગ્ર વર્ષ પસાર થયું ને દબાણ કે ટ્રાફિક યાદ આવ્યો નહી અને હવે હેરાનગતી

# બગસરામાં દિવાળીનાં તહેવારોમાં રેંકડીધારકો રોજગાર વિહોણા બન્યા

**રૂપિયા ૨૦૦ની પાવતી ફડાવી લો તો દબાણ સામે આંખ આડા કાન ધરવામાં આવી રહ્યા છે**

**રાજકીય અને આર્થિક રીતે સધ્ધરતા ધરાવનારનું દબાણ દૂર કરવામાં પાલિકાનાં ઠાગાઠૈયા**

**કારમી મોંઘવારીનાં માહોલમાં ગરીબ રેંકડીધારકોને પરેશાન કરવાનું બંધ કરવું જોઈએ**

**નગરસેવકોથી લઈને ધારાસભ્યએ દરમિયાનગીરી કરવી જરૂરી બની**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા.૨૩
બગસરા નગરપાલિકા ૨૦૨૨ માં નગરપાલિકાના સત્તાધીશો દ્વારા લારીઓ હટાવાના ઠરાવના પગલે બે વર્ષ બાદ ચીફ ઓફિસર બગસરા શાક માર્કેટમાં દિવાળી સમયે નાના નાના લારી ગલ્લાવાળા વેપારીઓને હેરાન કરવા

અનુસંધાન પાના ૬ ઉપર















### જિલ્લા કોંગ્રેસનાં પ્રમુખ પ્રતાપ દુધાતે આકરી પ્રતિક્રિયા વ્યકત કરી

# અમરેલી જિલ્લાની ખેતી નુકસાનનાં પેકેજમાં બાદબાકી !

**જિલ્લાની તમામ વર્ગની જનતાએ ભાજપને ખોબલે–ખોબલે મત આપીને વિજેતા બનાવ્યો બદલામાં મળ્યો અન્યાય**

**અમરેલી જિલ્લો એ ખેતીપ્રધાન હોય અને અતિવૃષ્ટિથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થયા છતાં મદદ મળતી નથી**

**અમરેલી જિલ્લો એ ગુજરાત સરકારની યાદીમાં છે કે ભૂલી જવાયો છે તે સમજાતું નથી**

**જિલ્લાનાં સત્તા પક્ષનાં આગેવાનોની માંગને પણ ધ્યાને લેવામાં ન આવી હોય તેવું લાગે છે**

અમરેલી, તા. ૨૩

અમરેલીજીલ્લાનાંખેડૂતોની માઠીદશાબેઠીછેત્યારેમેઘરાજાપણઆ સરકારની જેમ અસંવેદનાં પ્રગટ કરી રહ્યા છે. લગભગ નવરાત્રી બાદ પણ મેઘરાજાગમેત્યાંઅનેગમેત્યારે ત્રાટકી મનમુકીનેવરસીરહ્યાછે. જેમાંઅમરેલી જીલ્લામાં સતત વરસાદ થઈ રહ્યો છે.

ખેડૂતોનેછેલ્લીઆશાહતીકે, આવર્ષ ૧૦૦આનીથવાથીતેમનાપાકો સારાથશેઅનેતેમનાપરિવારોદીપાવલી સારીરીતેઉજવીશકશે. પરંતુસરકારની માફક આ મેઘરાજા પણ હાથતાળી આપીનેમોંઢામાંઆવેલકોળીયાનેહેઠા હાથેઉભા થવા મજબુર કર્યા છે અને તેમના તૈયાર પાકો કે જે પાણીમાં તરી રહ્યા છે. ત્યારે હાલના સાંસદ અને સાવરકુંડલાના ધારાસભ્ય દ્વારા મુખ્યમંત્રીઅનેકૃષિમંત્રીસાથેબેઠકકરી અને અમરેલી જીલ્લાને સહાય કરવા જણાવેલ પણ જેમ મેઘરાજાને અમરેલી જીલ્લો ધ્યાને આવ્યો પરંતુ સરકારને અમરેલીજીલ્લોગુજરાતનાંનકશામાંના હોયતેમ કોઈનેધ્યાનેનાઆવ્યો.

પણ આ સત્તામાં બેઠેલા નેતાઓને સૌથી વધુ અમરેલી જીલ્લાએ આવકાર્યા પરંતુ આ સરકારે અમરેલી જીલ્લાના નાના માણસો, ખેત મજૂરો, ખેડૂતોને અવગણ્યા છે અને સહાયનાં પેકેજમાંથીબાદબાકીરાખીનેઅમરેલી જીલ્લાનેહળાહળઅન્યાયકર્યોછે. ત્યારે પ્રતાપ દુધાત સાવરકુંડલા –લીલીયા વિધાનસભાનાં પૂર્વ ધારાસભ્ય અને અમરેલીજીલ્લા કોંગ્રેસ સમિતિનાંપ્રમુખ દ્વારા મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર પાઠવી અને અમરેલી જીલ્લા ના ખેડૂતો પ્રત્યેસહાનુભુતિઅનેરહેમદ્રષ્ટિદાખવી સત્વરે તપાસ કરી અને સહાય ચુકવવા અનેઆક્ષેપ સાથે જણાવેલછેકેઅમરેલી જીલ્લો ગુજરાતનાં નકશામાં છે તેમનો સાઈડમેપ જોવામાં આવે તો અમરેલી જીલ્લો ગુજરાતનો એક મહત્વનો જીલ્લો છે. તેમને કેમ ધ્યાને ના લેવામાંઆવ્યો, અમરેલી જીલ્લાએ પ્રથમ મુખ્યમંત્રી આપ્યા છે તેમની ગૌરવગાથા છે, ત્યારે અમરેલી જીલ્લોજ શા માટે બાકાત તેવા વેધક સવાલો અંતમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે કરેલ છે.

---

### સીનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ

## અમરેલીનાં ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજાનો હુકમ કરવામાં આવ્યો

**ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટનું એન.જે. નાચી દ્વારા હુકમ**

અમરેલી, તા. ૨૩

અમરેલી આ કામના ફરીયાદી આશીષભાઈ જયંતિભાઈ રાવળે તેમના મિત્ર ભરતભાઈ પરશોતમભાઈ કારેટીયા વિરૂધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ – ૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરેલી, જેમાં આજરોજ તેમને સજાનો હુકમ કરવામાં આવેલ છે. વિગત એવા પ્રકારની છે કે આશીષભાઈ રાવળે આ કામના આરોપી ભરતભાઈ કારેટીયાને સને–૨૦૧૭ની સાલમાં રૂા. ૩૦ લાખ મિત્રતાના નાતે હાથઉછીના આપેલ હતા. તે રકમ પરત કરવા માટે આરોપીએ તેમના ખાતાનો એચડીઓસી બેંકનો ચેક આપેલ હતો. જે ચેક વસુલાત માટે આરોપીના ખાતામાં કલીયરીંગમાં આશીષભાઈએ નાખતા આરોપીના ખાતામાં રૂા. ૩૦ લાખનું બેલેન્સ ન હોવાથી આ ચેક બાઉન્સ થયેલો. જેથી આ કામના ફરીયાદી આશીષભાઈએ તેમના એડવોકેટ મારફતે આરોપીને નોટીસ આપેલ હતી. અને જે નોટીસ પછી પણ આરોપીએ તેની સમય મર્યાદામાં ચેકની વિગતવાળી રકમ આ કામના ફરીયાદીને નહીં ચુકવતા તેમણે ચીફ જયુડી. મેજી. કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી.

આ કામે ફરીયાદ દાખલ થયા બાદ આ કામના આરોપીએ કાનુની દાવપેચની ખુબ મોટી લડત આપેલ હતી અને ચાલુ કેસ દરમિયાન કાયદાકીય ઘણી આંટીઘુંટી ઉભી કરવાનો પ્રયત્ન પણ કરેલ હતો.



એડવોકેટ : ઉદયન ત્રિવેદી

ચાલુ કેસ દરમિયાન આ કામના આરોપી ભરતભાઈ કારેટીયા એ આશીષભાઈ વિરૂધ્ધ વ્યાજવટાવની ખોટી ફરીયાદ આપેલી. જે બાબતે પોલીસે તપાસ કર્યા બાદ ગુન્હો નોંધેલો નહીં. પરંતુ ત્યારબાદ જે તે સમયના પોલીસ અધિકારી બદલી જતા ફરી વખત આ તકનો લાભ લઈ તા. ૦૬/૦૯/૨૦૧૬ના બનાવની ફરીયાદ તા. ૧૮/૦૭/૨૦૨૪ ના રોજ કરેલી અને તે ફરીયાદમાં આશીષભાઈએ આ કામના આરોપી ભરતભાઈને રૂા. ૪,૫૦ લાખ – ૨.૫% ના વ્યાજ લેખે તથા રૂા. ૨,૫૦, લાખ ૨%ના વ્યાજ લેખે એમ કુલ રૂા. ૭ લાખ વ્યાજે આપી અને અવાર નવાર અપશબ્દો બોલી અને ફોનમાં પણ કડક ઉઘરાણી કરેલ હોય તે અંગેની ફરીયાદ આપેલી. જે ફરીયાદ આરોપી તરફથી આ કામે કાનુની દાવપેચના ભાગરૂપે રજુ કરવામાં આવેલી આ કામના આરોપીએ ભુતકાળમાં તેના કુટુંબી કાકા ધનજીભાઈ અમરશીભાઈ કારેટીયા વિરૂધ્ધ પણ આ પ્રકારની ફરીયાદ આપેલી. તેમજ ગોબરભાઈ ભુરાભાઈ સોળીયા વિરૂધ્ધ પણ ફરીયાદ કરેલી અને આ ફરીયાદ થતા તેની સાથે સમાધાન થઈ ગયેલું તે હકીકત પણ તેમણે કોર્ટ રૂબરૂ સ્વીકારેલ હતી.

આ કેસમાં ફરીયાદ પક્ષે તથા બચાવપક્ષે જુદા જુદા સાક્ષીઓ રજુ થયેલ હતા. તેમજ બંનેપક્ષ તરફથી દબાણ પુર્વકની મૌખીક તથા લેખિત દલીલો રજુ થયેલ હતી અને ત્યારબાદ કોર્ટે બંને પક્ષોને સાંભળીને તમામ પુરાવાઓ લક્ષમાં લઈને આ કામના ફરીયાદીએ આરોપી ભરતભાઈ કારેટીયા વિરૂધ્ધ પોતાનો કેસ સાબીત કરેલ હોય તેમને સજા કરવાનો હુકમ કરેલ છે.

આ કામના આરોપીને ભરતભાઈ કારેટીયાને કોર્ટે ૧ વર્ષની સજા તથા ચેકની રકમની દોઢી રકમ મળી કુલ રૂા. ૪૫ લાખ ચુકવવાનો હુકમ કરેલ છે અને આ રકમ ન ચુકવે તો વધુ ચાર માસની સજાનો હુકમ અમરેલીના ચીફ જયુડી. મેજી. એન.જે.નાચી કરેલ છે.

આ કામે ઉપરોકત કેસની કોર્ટમાં ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા મૌખીક એમ ઘણા પુરાવાઓ રજુ કરવામાં આવેલ. આ કેસમાં ફરીયાદી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા.

---

## અમરેલીનાં બહારપરા વિસ્તારમાં જુગાર રમતા ૯ પતાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૨૩

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહ તથા અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા ડીવીઝન વિસ્તારમાંથી જુગાર/ દારૂનીબદીદુરકરવાંમાટેસઘનપેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઈડો કરી જુગાર/ દારૂની કડક કાર્યવાહી કરવાં સુચના આપેલ હોય.

જે અન્વયે અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે અમરેલીના જૈન દેરાસર વિસ્તારમાંથી જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા અમરેલી રહેતા અજયભાઈ વલ્લભભાઈ ગંગાજળીયા, સંજયભાઈ રમેશભાઈ મકવાણા, લાલજીભાઈ ભીખુભાઈ સોલંકી, હરેશભાઈ પ્રવિણભાઈ સોલંકી, વિપુલભાઈ જીવરાજભાઈ ભીલોટા, કાળુભાઈ બચુભાઈ સોલંકી, પ્રકાશભાઈ વલ્લભભાઈ સોલકી, ભરતભાઈ રવજીભાઈ સોલંકી તથા ગોરધનભાઈ બચુભાઈ સોલંકી સહિતના નવ ઈસમોને રોકડા રૂપિયા ૧૩,૪૮૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર ઈસમો વિરૂધ્ધમાં જુગાર ધારા કલમ–૧૨ મુજબ ધોરણસરની કાર્યવાહી કરી જુગારનો ગણના પાત્ર કેસ કરવામાં આવેલ છે.

---

### એડવોકેટ શર્માની દલીલો સફળ

## ચિતલ : સ્વામી ગુરૂકુળનાં ઉચાપત કેસમાં આરોપીનાં જામીન મંજૂર

**૯ સપ્ટેમ્બરનાં રોજ ફરિયાદ નોંધાયેલ**

અમરેલી, તા. ૨૩

અમરેલીના ચિતલ ગામે તારીખ ૯/૯/૨૪ના રોજ ફરિયાદ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં થયેલ હતી ચિતલ સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાના કલાર્ક દ્વારા ૭,૪૪,૯૫૦ (સાત લાખ ચુંમાલીસ હજાર નવસો પચાસ રૂપિયા)ની ઉચાપત કરવામાં આવેલ હતી આક્ષેપના કેસમાં આરોપી ફોજદારી પર. અરજ.નં. ફ.ક. ૫૭૧/૨૪ થી જામીન ઉપર મુકત થવા નામ. બીજા. એડી. જયુડી. મેજી. ફ. ક. અમરેલીમાં અરજ ગુજારતા આરોપી / અરજદાર તરફે અમરેલીના એડવોકેટ સુમિત શર્માએ આરોપીને છોડાવવા દલીલો કરી હતી જે કોર્ટ ગ્રાહય રાખી અરજદારને જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલ છે.



---

### વનવિભાગે ૨૪ કલાક જહેમત ઉઠાવી

## નવી જીકાદ્રી ગામે માનવ મૃત્યુનાં બનાવમાં સિંહણનું જીવના જોખમે રેસ્કયુ કરાયું

**બારમણ અને જીકાદ્રી વચ્ચે સિંહણ જોવા મળી**





તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૩

જાફરાબાદ રેન્જમાં ટીંબી રાઉન્ડમાં હેમાળ બીટમાં નવી જીકાદ્રી ગામે રામકુભાઈ નાનાભાઈ ધાખડાની વાડી વિસ્તારમાં વન્યપ્રાણી સિંહ દ્વારા માનવ મૃત્યુનો બનાવ બનતા જાફરાબાદ રેન્જનો તમામ સ્ટાફ, રાજુલા રેન્જનો તમામ સ્ટાફ, ખાંભા રેન્જનો તમામ સ્ટાફ, વેટેનરી ઓફિસર દ્વારા સતત ૨૪ કલાકથી ભારે જહેમત ઉઠાવી સતત સ્કેનિંગ કરી જીવના જોખમે રેસ્કયું ઓપરેશન હાથધરવામાં આવેલ. જે બપોરના ૪:૦૦ કલાકે બારમણ અને નવી જીકાદ્રી વચ્ચે સિંહ માદાનું અવલોકન થતાં લાલજીભાઈ નાનજીભાઈ લિંબાળીની વાડીમાં જણાઈ આવતા તુરંત સ્થળ પર પહોંચી સિંહ માદાનું ટાંકવિલાઈઝ કરી યુદ્ધનાં ધોરણે જીવના જોખમે દિલધડક રેસ્કયું કરવામાં આવેલ છે.

---

### તને બહુ હવા છે તેમ કહીને

## વડિયાનાં સનાળી ગામનાં પશુપાલક યુવક ઉપર ૪ ઈસમોનો હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૩

વડીયા તાલુકાના સનાળી ગામે રહેતા દેવજીભાઈ અરજણભાઈ સુસરા નામનાં ૩૭વર્ષિય પશુપાલક ગત તા. ૨૨ના સવારે ૧૦:૩૦ વાગ્યે પોતાના માલઢોરના વાડાપાસે જતા હોય. જે દરમ્યાન જાહેર રસ્તામાં તેજ ગામે રહેતા ઓઘડભાઈ કાબાભાઈ બાંભવાએ યુવકને ઉભા રાખીને કહેલ કે તને બહુંહવા છે, અહીં માલઢોર ચરાવતો નહી તેમ કહી આરોપીએ પોતાના હાથમાં લોખંડનો પાઈપ યુવકના માથાના ભાગે માર મારી તેમજ આરોપી અલ્પેશભાઈ થોભણભાઈ બાંભવાએ પોતાના હાથમાં લોખંડના પાઈપ લઈ તથા આરોપી લાલજીભાઈ ભીખાભાઈ બાંભવાએ લોખંડની કુંડલી વાળી લાકડી તથા આરોપી સવજીભાઈ કાબાભાઈ બાંભવાએ કુહાડી લઈ યુવકના શરીરે આડેધડ માર મારેલ. આ દરમ્યાન તેજલબેન યુવકને બચાવવા વચ્ચે આવતા ચારેય આરોપીએ યુવકને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### દિવાળીનાં તહેવારોમાં જુગાર શરૂ કર્યો

## રાજુલામાં રહેણાંક મકાનમાં જુગાર રમતી ૮ પત્તાપ્રેમી મહિલાઓ વિરૂધ્ધ કાર્યવાહી

**૬ મહિલા ઝડપાઈ અને ૨ મહિલા નાસી ગઈ**

અમરેલી, તા. ૨૩

રાજુલા ગામે રહેતા નર્મદાબેન ઉર્ફે ઢેફુબેન ખીમાભાઈ મકવાણા, ગીતાબેન કાન્તીભાઈ બગડા, કમળાબેન ગીરીષભાઈ સોલંકી, સવિતાબેન ભરતભાઈ સોલંકી, સેજલબેન ભરતભાઈ સોલંકી, સુનીતાબેન જેઠાભાઈ સોલંકી, ભાનુબેન જોગી તથા સવિતાબેન સાજનભાઈ ગુજરીયા નામની આઠેય મહિલાઓ તા. ૨૨ના સાંજના ૪:૩૦ વાગ્યે રાજુલા ગામે યાદવ ચોક પાસે આવેલ મનુભાઈ કાંધમણાના રહેણાંક મકાન પાસે જાહેરમાં તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા હોય. પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૦,૭૩૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન ૬ મહિલા ઝડપાઈ જઈ તથા બે નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

## બાબરા : બ્રિજેશ સોની તબલા વાદનમાં અગ્રેસર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩


બાબરામાં રહેતા અને ભાવનગર ખાતે કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીમાં કોલેજના બીજા વર્ષના બીકોમાં અભ્યાસ કરતા બ્રિજેશ પ્રશાંતભાઈ સોની ને તબલા વાદન નો અનેરો શોખ છે તેઓ બાળપણથી તબલા વગાડી કલા ને આગળ વધારી રહ્યા હતા. ત્યારે ભાવનગર ખાતે કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીમાં કલા મહોત્સવના કાર્યક્રમમાં તેઓએ તબલા વાદન સ્પર્ધામાં ભાગ લીધો હતો અહીં તેમણે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતા યુનિવર્સિટીના અધિકારીઓના હસ્તે શિલ્ડ મળતા બાબરા સોની પરિવારનું ગૌરવ વધાર્યુ છે.

---

### ચુંટણી સમયે આપેલા વચનો પાળી બતાવતા ધારાસભ્ય કસવાલા

## લીલીયાના સલડી ગામે ૯૦૦ વિઘાના તળાવના નવિનીકરણ માટે ૨.૪૨ કરોડની સૈદ્ધાંતિક મંજુરી

**સલડી આસપાસના ૧૮ ગામડાની ખેતીઓ સદ્ધર થવાના સ્વપ્નો થશે સાકાર**







સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા લીલીયા પંથકમાં ખેડૂતો માટે બારે માસ ખેતી કરવાના સ્વપ્નને સાકાર કરવા કાર્યશીલ ધારાસભ્ય મહેશ કસવાળા કટિબદ્ધ બન્યા હોય ને ચૂંટણી સમયે આપેલા વચનો પાળી બતાવામાં સતત ગાંધીનગર મુખ્યમંત્રી સહિતના મંત્રીશ્રીઓ અને સચિવાલય માંથી વિકાસની કેડી કંડારતા ધારાસભ્ય કસવાળાએ લીલીયાના સલડી ગામે અંદાજે ૯૦૦ વિઘાના તળાવમાં નવીનીકરણ માટે ૨ કરોડ ૪૨ લાખની સૈધાંતિક મંજૂરી મેળવવા સલડી આસપાસના ૧૮ ગામડાઓનાં પાણીના તળ ઉંચા આવે ને ખેડુતો ખેતીપાક પર બારે માસ ખેતી કરવાના સ્વપ્નો સાકાર થયા તેવા પ્રયત્નો ધારાસભ્યની કુનેહથી સફળ થયેલા છે ૨.૪૨ કરોડ જેવી માતબર રકમની સૈધાંતિક મંજૂરી મળતાં ધારાસભ્ય મહેશ કસવાળાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાનો સહર્ષ આભાર વ્યક્ત કર્યો હતો સાથે સાથે ખેડૂતોના હિત અને ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ સરકાર દ્વારા તળાવ સાથે આસપાસના ગામડાઓની ખેતી સધ્ધર થાય તેવા અભિગમને પણ વધાવવામાં આવ્યો હતો ને લીલીયા પંથકના ખેડૂતોએ ધારાસભ્ય મહેશ કસવાળાની કાર્ય દક્ષતાને બિરદાવી હતી તેવું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હિરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

### ખેડૂતને પડયા પર પાટુ લાગ્યું

## લાઠી : સરકારી પીપળવા ગામે વાડીમાં રહેલ ‘‘સનેડો’’ વાહનની ઉઠાંતરી થઈ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૩

લાઠી તાલુકાના સરકારી પીપળવા ગામે રહેતા ગોરધનભાઈ વશરામભાઈ લીંબાસીયા નામનાં ૬૦ વર્ષિય ખેડુતની વાડીમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે ગત તા. ૨૧ના રોજ રાત્રીનાથી તા. ૨૨ ના વ્હેલી સવારે ૫ વાગ્યા દરમ્યાન પ્રવેશ કરી વાડીના ખુલ્લા ફરજામાં મુકેલ ખેડૂતનું સનેડો વાહન સિલ્વર કલરનું અને ત્રણ વ્હીલર જેની ટાંકી ઉપર લાલ કલરથી જય વિકર્મા લખેલ છે જે કિંમત રૂપિયા ૫૧૦૦૦ નું કોઈ અજાણ્યા ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ફાયર સેફટી, ટ્રાફિક સહિતનાં નિયમોની અવગણનાં વચ્ચે

# અમરેલીમાં શાકબકાલાની જેમ ઠેકઠેકાણે ફટાકડાનું વેચાણ

**ટ્રાફિકથી ધમધમતાં વિસ્તારો, શહેરીજનોને ચાલવા માટેની ફૂટપાથ નજીક ફટાકડાનાં સ્ટોલ ખડકી દેવાયા**

**સેવાભાવી સંસ્થાઓનાં બેનરતળે રાહતદરે ફટાકડાનું વેચાણને બદલે વિતરણ જેવો શબ્દ પ્રયોગ થયો**

**બારે મહિના ફટાકડાનું વેચાણ કરનાર વેપારીઓ પણ સંસ્થાઓનાં સ્ટોલથી પરેશાન**

**મતની લાલચમાં ફાયર સેફ્ટી સહિતનાં નિયમોનો ઉલાળીયો કરવામાં આવી રહ્યાની ચર્ચા**



અમરેલી, તા. ૨૩

અમરેલી શહેરમાં દિવાળીનાં પર્વને લઈને ઠેકઠેકાણે શાક બકાલાની જેમ ફટાકડાનાં સ્ટોલ ઉભા કરવામાં આવ્યા અને ફાયર સેફટી કે શહેરીજનોની સુરક્ષાને ભૂલી જવામાં આવતાં સોશ્યલ મીડિયામાં વ્યાપક ટીકા-ટિપ્પણી થતી જોવા મળી રહી છે.

તાજેતરમાં ફાયર સેફટી અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ ફટાકડાનાં વેપારીઓ સાથે બેઠક કરીને એક જ સ્થળે સુરક્ષાનાં નિયમોને આધિન ફટાકડાનું વેચાણ કરવા અનુરોધ કરેલ. જેનો કોઈએ અમલ કર્યો નહી.

શહેરનાં સીનીયર સિટીઝન પાર્કથી લઈને ગર્લ્સ હાઈસ્કૂલ સામે સુધી, ડો. જીવરાજ મહેતા ચોક, ભીડભંજન ચોક, વરસડા રોડ રેલ્વે ફાટક સહિતનાં ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં રાબેતા મુજબ સેવાભાવી સંસ્થાઓનાં નામે અને રાહતદરે ફટાકડાનું વિતરણ જેવા બેનર તળે ફટાકડાનું વેચાણ શરૂ થતાં બારે મહિના કે દર વર્ષે ફટાકડાનું વેચાણ કરનાર વેપારીઓમાં પણ નારાજગી ઉભી થઈ છે અને મત મેળવવાની લાલચમાં રાજકીય પદાધિકારીની મીઠીનજર તળે ઠેકઠેકાણે ફટાકડાનાં સ્ટોલની મંજૂરી વહીવટીતંત્ર ધ્વારા મનમારીને આપવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડેલ છે.

---

## ખેડૂતને ધરતીથી લઈને આકાશ સુધી પરેશાની

# દેવગામનાં ખેડૂતનાં રહેણાંક મકાનમાંથી તસ્કરે ૨૪ હજારનો મુદ્દામાલ ઉઠાવ્યો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૩

વડીયા તાલુકાના દેવગામ ગામે રહેતા અનેખેતીકામ કરતાં મુકેશભાઈ સંતોષભાઈ મયાત્રા નામનાં ૩૯ વર્ષિય ખેડૂતના રહેણાક મકાનની તા.૨૧નાસવારે ૧૦થીસાંજના૫ઃ૪૫ વાગ્યા સુધી કોઈપણ સમય દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે વંડી ટપી ઘરમાં પ્રવેશ કરી અને ઘરમાં રૂમનાં દરવાજા ખોલી રૂમમાં રાખેલ કોઠલા (અનાજ ભરવાની પેટી)માંથી રોકડ રૂપિયા ૨૦,૦૦૦ તથા બીજા રૂમમાં રહેલ તિજોરીના તાળા તોડી ચાંદીનું મંગળસુત્ર આશરે વજન આશરે ૧૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૨૦૦૦ તથા ચાંદીની પગમાં પહેરવાના છડા જેનુ વજન આશરે ૧૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૨૦૦૦ જે ચાંદીની કુલ આશરે કિંમત રૂપિયા ૪૦૦૦ મળી કુલ રૂપિયા ૨૪,૦૦૦ ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ હોય તેમજ બાજુમાં રહેતા ડાયાભાઈ ખીમાભાઈ મયાત્રાનાં બંધ મકાનનાં રૂમના દરવાજાનો નકુચા તોડી ત્યાં પણ ચોરી કરવાની કોશિષ કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

---

## મિત્ર નાગભાઈ વણઝર સાથે બાઈકમાં પસાર થતાં હોય

# ખાંભાનાં જામકા ગામનાં યુવકની બારપટોળી ગામનાં માર્ગ ઉપર હત્યા કરવામાં આવતાં ચકચાર

**મિત્રની પ્રેમિકા સહિતનાં ૮ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૩

ખાંભા તાલુકાના જામકા ગામે આવેલ ત્રિવેણી ચોક પાસે રહેતા ભોપાભાઈ ચીથરભાઈ મકવાણા નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધના દીકરા મનુભાઈ ઉર્ફે મામયો નામનાં ૩૩ વર્ષિય યુવકના મિત્ર નાગભાઈ દડુભાઈ વણઝરને આરોપી એકતાબેન હમીરભાઈ લાખણોત્રા (રહે. બાર પટોળી, રાજુલા) સાથે પ્રેમ સંબંધ હોય. જેથી આ કામના આરોપી એકતાબેન, કનુભાઈ બાબુભાઈ લાખણોત્રા તથા નાગભાઈ વાસુરભાઈ વાઘુ તથા અન્ય પાંચ અજાણ્યા આરોપીઓએ પૂર્વ આયોજીત કાવતરૂ રચી આ કામના આરોપી એકતાબેને પોતાના પ્રેમી નાગભાઈ દડુભાઈ વણઝરને રાજુલા તાલુકાના જૂની બારપટોળી ગામે મળવા બોલાવતા તા. ૨૧ના રાત્રેથી તા. ૨૨ના સવારે ૮ વાગ્યા સુધીમાં કોઈ પણ સમયે જૂની બારપટોળીથી નવી બારપટોળી ગામ તરફ જવાના રસ્તે નાગભાઈ દડુભાઈ વણઝર તેમના મિત્ર મનુભાઈ સાથે મોટર સાયકલ લઈને બારપટોળી ગામે એકતાબેનને મળવા આવતા રસ્તા વચ્ચે આરોપીઓએ રચેલ પૂર્વ આયોજીત કાવતરા મુજબ આ કામના બીજા આરોપી કનુભાઈ બાબુભાઈ, નાગભાઈ વાસુર તથા અજાણ્યા પાંચ આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી એક સંપ કરી લાકડી તથા લોખંડની પાઈપ વડે મનુભાઈ ઉર્ફે મામયોને માર મારેલ હતો. જેથી પ્રેમી નાગભાઈ પોતાનો જીવ બચાવી નાસી ગયેલ હતાં. જયારે મનુભાઈ ઉર્ફે મામયો ઉપર લાકડી તથા પાઈપ વડે માર મારી તેમજ માથાના ભાગે ગંભીર ઈજા કરતાં મનુભાઈ ઉર્ફે મામયો ભોપાભાઈ મકવાણાને સારવાર માટે ભાવનગર દવાખાને ખસેડાયેલ જયાં તેમનું મોત નિપજતા રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

# અમરેલી જીલ્લામાં શિક્ષણથી વંચિત શાળા બહારના બાળકોનો સર્વે

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં ૬ થી ૧૮ વર્ષની વયજૂથના હોય અને શિક્ષણથી વંચિત રહી ગયા હોય તેમજ ધો. ૧ થી ધો. ૧૨ સુધીનું શિક્ષણ મેળવ્યું જ ના હોય, ધો. ૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યા વગર અધવચ્ચે શાળા છોડી હોય તેવા દિવ્યાંગ સહિતના તમામ બાળકોના સર્વેની કટોરી અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી દ્વારા હાથ ધરવામાં આવી છે. આવા બાળકોને સમગ્ર શિક્ષા અંતર્ગત આવરી લેવાના ઉદેશ્ય સાથે નવેમ્બર-૨૦૨૪ની તા. ૭થી તા. ૧૬ દરમિયાન સર્વે થશે. શિક્ષાથી વંચિત અને શાળા બહારના બાળકોને આવરી લેવા આ સર્વેમાં જાહેર જનતાને સહભાગી થવા અનુરોધ છે. શિક્ષાથી વંચિત અને શાળા બહારના બાળકો કોઈ પણ વ્યક્તિના ધ્યાને આવે તો તેવા બાળકોને નજીકની પ્રાથમિક શાળાના આચાર્યને જાણ કરી સહકાર આપવા અમરેલી જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ-૨૦૧૩ (૮-સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અઘધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૂપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધઃ બદલાની સવલત પણ આપવામાં આવશે
હોલસેલ..... હોલસેલ......
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
HONDA
માત્ર ₹999/- ભરીને લઇ જાઓ આપનું મનપસંદ Shine 100
80+ AVERAGE
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ
₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%
Shine 100
ડોક્યુમેન્ટ્સ • આધાર કાર્ડ • પાન કાર્ડ • બેન્ક પાસબુક • પાસપોર્ટ સાઈઝ ફોટા • ચેક • લાઈટબિલ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨





GO BIG GO XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz





Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999





॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

### રાજ્યના કૃષિમંત્રી દ્વારા સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું

# રાજ્યના ખેડૂતો માટે ૧૪૧૯.૬૨ કરોડનું સહાય પેકેજ જાહેર કરાયું

**૩૩ ટકાથી વધુ નુકસાન હશે તેમને નિયમ પ્રમાણે મળશે મદદ : ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો આ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે**

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે અને હાલ ખેડૂતોનો પકવેલો પાક સંપૂર્ણ નાશ પામ્યો છે, ગત વર્ષે પણ આવી જ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ખેડૂતોને આજીવિકાનો અન્ય કોઈ સ્રોત ન હોવાથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થયા છે અને દેવાના બોજ તળે દબાયા છે. ત્યારે હવે રાજ્યના કૃષિમંત્રી દ્વારા ખેડૂતો માટે ૧૪૧૯.૬૨ કરોડનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારના બજેટમાંથી ૩૬૨ કરોડની સહાય આપવામાં આવશે.

ઋષિકેશ પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને ઓગસ્ટમાં વરસેલા વરસાદના કારણે જે ખેડૂતોનો મુખ્ય પાક જેવા કે ડાંગર, સોયાબીન, મગફળી જેવા પાક બગડી જતાં ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો, તેવા ખેડૂતો માટે સહાય ૧૪૧૯.૬૨ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો આ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૨૨ હજાર રૂપિયાની સહાય અને બિન પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૧૧ હજારની સહાય આપવામાં આવશે.

કૃષિમંત્રીના જણાવ્યા અનુસાર, ૬ હજારથી વધુ ગામોના આશરે ૭લાખ ખેડૂતોને આ સહાય પેકેજનો લાભ મળી શકશે. નોંધનીય છે કે, ૮ લાખ હેકટર જેટલા વિસ્તારમાં ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય તેમાં નિયમો હેઠળ સહાય ચુકવવામાં આવશે. આ સહાય પેકેજ ફક્ત ઓગસ્ટ મહિનામાં વરસેલા વરસાદમાં થયેલાં નુકસાન માટે જ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય પાછોતરા વરસાદને લઈને થયેલાં પાક નુકસાન વિશે પણ સર્વે કરવામાં આવશે. તેમજ તે અંગે પણ ખેડૂતોને સહાય માટે રાજ્ય સરકાર વિચાર કરશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલના જણાવ્યા અનુસાર, રાહત મેળવવા માટે ખેડૂતોએ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ખેડૂતની સાતબાર, બેન્ક એકાઉન્ટની વિગત, અને આધાર નંબર સાથે ખેડૂતોએ અરજી કરવાની રહેશે. ઓગસ્ટ મહિનામાં થયેલા વરસાદના નુકસાન માટે રાજ્યના અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, સુરત, વડોદરા, પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દ્વારકા, ખેડા, આણંદ, મોરબી, જામનગર, કચ્છ, તાપી, દાહોદ, ડાંગ, ભરૂચ, પાટણ અને છોટા ઉદેપુર જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. દિવાળી બાદ ખેડૂતોને આ સહાય પહોંચાડવામાં આવશે.

આ સહાયનો ૪ લાખ ૧૯ હજાર જેટલા ખેડૂતોને લાભ મળશે. SDRF સહિત ટોપઅપ રકમની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. ઓગસ્ટ માસમાં પડેલા વરસાદથી થયેલ નુકસાનીને રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. નોંધનિય છે કે, પાછોતરા વરસાદમાં થયેલ પાક નુકસાનીનો પણ સર્વે કરાશે. તૈયાર પાકો પર પડેલા વરસાદના કારણે થયેલ નુકસાનીનો સર્વે પણ કરવામાં આવશે. જે તાલુકામાં પાછોતરો વરસાદ થયો છે ત્યા ફાઈનલ સર્વે કરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાછોતરા વરસાદથી નુકસાનનો સર્વે કરવાનો નિર્દેશ આપ્યો છે. તૈયાર પાક પલળી ગયા અથવા ઢળી ગયા હોય તેનો પણ સર્વે કરાશે. તૈયાર પાક પાણીમાં તણાઈ ગયા હોય તો તેનો પણ સર્વે થશે. નોંધનિય છે કે, બિન પિયતમાં પ્રતિ હેક્ટર ૧૧ હજારની સહાય કરવામાં આવશે. પિયત પાકોમાં પ્રતિ હેક્ટર ૨૨ હજારની સહાય કરાશે. પિયત પાકોમાં SDRFના ૧૭ હજાર, રાજ્ય સરકારના ૫ હજાર અપાશે. ચોમાસામાં રાજ્ય સરકારે નુકસાનીનો રિપોર્ટ કેંદ્ર સરકારને સોંપ્યો છે. ખેતી નુકસાન, રોડ-રસ્તા, સિંચાઈના નુકસાનનો રિપોર્ટ કેંદ્રને સોંપવામાં આવ્યો છે.

### કોંગ્રેસ આગળ આખરે કેવી રીતે ઝૂકી ગયા ઉદ્ધવ ઠાકરે?

# કોંગ્રેસ ૧૦૫ બેઠકો પરથી પોતાના ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં ઉતારશે

**ઉદ્ધવ સેનાને ૯૬થી ૧૦૦ સુધીની સીટો મળી શકે છે : એનસીપી-શરદ પવારને ૮૫ની આસપાસ બેઠક મળી શકે છે**

મુંબઈ, તા.૨૩

મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડી ગઠબંધન વચ્ચે સીટ શેરિંગને લઈને સમજૂતિ છેલ્લા તબક્કામાં હોવાનું કહેવાય છે. સૂત્રોનું કહેવું છે કે કોંગ્રેસ, ઉદ્ધવ સેના અને શરદ પવારની એનસીપી વચ્ચે સીટ શેરિંગ અંગે જે સમજૂતિ થઈ છે તેમાં ઉદ્ધવ ઠાકરે જૂથે ત્યાગ કરવાનો વારો આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ કોંગ્રેસ ૧૦૫ બેઠકો પરથી પોતાના ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં ઉતારશે. જ્યારે ઉદ્ધવ સેનાને ૯૬થી ૧૦૦ સુધીની સીટો મળી શકે છે. એનસીપી-શરદ પવારને ૮૫ની આસપાસ બેઠક મળી શકે છે.

આ રીતે સ્પષ્ટ થઈ ગયું છે કે ઉદ્ધવ સેના કોંગ્રેસ કરતા ઓછી બેઠકો મેળવશે. આ સમગ્ર સમજૂતિ ઉદ્ધવ સેનાના ત્યાગના કારણે શક્ય બની શકે છે. જેની સતત માંગણી હતી કે તે ૧૨૫ બેઠકો પર ઉમેદવારોને ચૂંટણી લડાવશે. તો પછી અચાનક આખરે એવું તે શું થયું કે ઉદ્ધવ સેનાએ ૧૨૫ બેઠકો તો જવા દો કોંગ્રેસથી પણ ઓછી બેઠકો પર રાજી થવું પડ્યું. લોકસભામાં તેના કરતા ઉલ્ટી સ્થિતિ હતી. જ્યારે ઉદ્ધવ સેનાએ ૨૧ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૯ સીટો જીતી હતી. જ્યારે કોંગ્રેસે ૧૭ બેઠકો પર ચૂંટણી લડીને ૧૩ બેઠકો જીતી હતી. એવું મનાય છે કે આ સ્ટ્રાઈક રેટને સામે રાખીને જ કોંગ્રેસે ઉદ્ધવ સેનાને રાજી કરી અને તેઓ ઓછી બેઠક લેવા તૈયાર થયા. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોળે અને ઉદ્ધવ સેનાના સંજય રાઉત વચ્ચે લાંબી વાતચીત પણ ચાલી. એટલે સુધી કે સંજય રાઉતે કહ્યું કે નાના પટોળે જે બેઠકમાં હાજર હશે ત્યાં જવા નહીં ઈચ્છે. પછી શરદ પવારે હસ્તક્ષેપ કર્યો અને ઉદ્ધવ ઠાકરે સાથે વાતચીત કરી એવું કહેવાય છે. એવું મનાય છે કે તેમની લગભગ બે કલાકની વાતચીતે જ સ્થિતિને સંભાળી. પછી કોંગ્રેસની એવી દલીલ હતી કે વિદર્ભમાં તેમનો સારો એવો જનાધાર છે પરંતુ ઉદ્ધવ સેનાની ત્યાં સ્થિતિ નબળી છે. આવામાં ત્યાંની સીટો પરથી તેમનું ચૂંટણી લડવું નુકસાન કરાવશે. તેઓ ભાજપ સામે સીધા મુકાબલામાં જીતી શકશે નહીં. આથી કોંગ્રેસને ત્યાં તક મળવી જોઈએ. કોંગ્રેસે આ માટે લોકસભા ચૂંટણીનો સ્ટ્રાઈક રેટ પણ રજૂ કર્યો. અંતે ઉદ્ધવ સેનાએ માનવું પડ્યું કે કોંગ્રેસ જ વધુ બેઠકો પર ચૂંટણી લડે. કોંગ્રેસનું માનવું હતું કે અમરાવતી, નાગપુર, રામટેક અને પુણે જેવા વિસ્તારોમાં ઉદ્ધવ સેનાની ઉપસ્થિતિ નબળી છે. આથી અહીંની સીટો પર તેમને વધુ તક મળવી જોઈએ. જેથી જીતની શક્યતા વધશે. જ્યારે ઉદ્ધવ સેનાએ અંતમાં બરાબરીનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. જેમાં કહેવાયું હતું કે ઉદ્ધવ સેના અને કોંગ્રેસ ૧૦૦-૧૦૦ સીટો પર ઉતરે જ્યારે એનસીપી-એસપીને ૮૮ સીટો આપવામાં આવે. જેના પર કોંગ્રેસ અડી ગઈ અને અંતમાં ૧૦૦થી વધુ બેઠકો પર કોંગ્રેસ ઉમેદવારો ઉતારશે. જ્યારે ઉદ્ધવ સેનાને તેમના કરતા ૫-૧૦ સીટો ઓછી મળશે.

### ઘરેણાં-સિક્કા ખરીદવા થયા મોંઘા

# ચાંદી ૧ લાખને પાર, સોનું હવે ૮૧ હજારએ પહોંચ્યું

**તહેવારો દરમિયાન જ્વેલરી અને સિલ્વરવેર સેગમેન્ટમાં વધતી ખરીદીને કારણે પણ વૃદ્ધિ જોવા મળી છે**

નવી દિલ્હી, તા.૨૩

સોનું અને ચાંદી સતત નવા રેકોર્ડ બનાવી રહ્યાં છે અને ક્યારેક સોનું તો ક્યારેક ચાંદી ગ્રાહકોની ખરીદ શક્તિની કસોટી લઈ રહ્યાં છે. જોકે ગઈકાલે સોનું અને ચાંદી મળીને ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયા હતા, અને ચાંદી રૂ.૧ લાખને પાર કરી ગઈ હતી.

ચાંદીનો ભાવ રૂ. ૧૫૦૦ના ઉછાળા સાથે રૂ. ૧ લાખ પ્રતિ કિલોગ્રામને પાર કરી ગયો હતો. ચાંદીના ભાવમાં સતત પાંચમા દિવસે વધારો યથાવત રહ્યો હતો અને રૂ. ૧૫૦૦ના ઉછાળા સાથે રૂ. ૧.૦૧ લાખ પ્રતિ કિલોના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયો હતો. શુક્રવારે ચાંદીની કિંમત ૯૯,૫૦૦ રૂપિયા પ્રતિ કિલો પર બંધ થઈ હતી. ચાંદીના ભાવ સતત પાંચમા દિવસે વધ્યા હતા અને રૂ. ૧,૫૦૦ વધીને રૂ. ૧.૦૧ લાખ પ્રતિ કિલોના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયા હતા. શુક્રવારે ચાંદીની કિંમત ૯૯,૫૦૦ રૂપિયા પ્રતિ કિલો પર બંધ થઈ હતી.

આ સિવાય ૯૯.૫ ટકા શુદ્ધતાનું સોનું રૂ. ૩૫૦ વધીને રૂ. ૮૦,૬૦૦ પ્રતિ ૧૦ ગ્રામના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. રાષ્ટ્રીય રાજધાનીના બૂલિયન માર્કેટમાં મંગળવારે સોનું ૩૫૦ રૂપિયા વધીને ૮૧,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. અખિલ ભારતીય બૂલિયન એસોસિએશને આ માહિતી આપી છે. ચાંદીમાં સતત વધારો થવાનું મુખ્ય કારણ ઔદ્યોગિક માંગમાં વધારો છે. આ સિવાય જ્વેલરી અને સિલ્વરવેર સેગમેન્ટમાં વધતી ખરીદીને કારણે પણ વૃદ્ધિ જોવા મળી છે. બૂલિયન ટ્રેડર્સે તહેવારો અને લગ્નની સિઝન દરમિયાન વધેલી માંગને પહોંચી વળવા સ્થાનિક જ્વેલર્સ દ્વારા ખરીદીમાં વધારો થવાને કારણે સોનાના ભાવમાં વધારો થયો હોવાનું કારણભૂત છે.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) ના ફ્યૂચર્સ ટ્રેડિંગમાં, ડિસેમ્બર ડિલિવરી માટેનો સોનાનો કોન્ટ્રાક્ટ રૂ. ૨૦૮ વધીને રૂ. ૭૮,૨૪૭ પ્રતિ ૧૦ ગ્રામ થયો છે. ડિસેમ્બર ડિલિવરી માટે ચાંદીના કોન્ટ્રેક્ટના ભાવ રૂ. ૮૮૨ અથવા ૦.૯૧ ટકાના ઉછાળા સાથે રૂ. ૯૮,૩૩૦ પ્રતિ કિલોના ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા.

### ન્યૂઝીલેન્ડને પુણે ટેસ્ટ પહેલા મોટો ઝટકો

# સ્ટાર બેટ્સમેન કેન વિલિયમ્સન પુણે ટેસ્ટમાંથી બહાર થઈ ચૂક્યો છે

**બોર્ડે આશા સેવી છે કે ભારત-ન્યૂઝીલેન્ડની વચ્ચે ત્રીજી ટેસ્ટમાં કેન વિલિયમ્સન ટીમનો હિસ્સો હશે**

પુણે, તા.૨૩

ન્યૂઝીલેન્ડે ભારત વિરુદ્ધ ટેસ્ટ સીરિઝની પહેલી મેચમાં શાનદાર જીત મેળવી છે. બીજી ટેસ્ટ પુણેમાં ૨૪ ઓક્ટોબરથી પુણેમાં રમાશે, પરંતુ તેના પહેલા ન્યૂઝીલેન્ડ ટીમને મોટો ઝટકો લાગ્યો. ટીમના સ્ટાર બેટ્સમેન કેન વિલિયમ્સન પુણે ટેસ્ટમાંથી બહાર થઈ ચૂક્યો છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે આ ખેલાડી બહાર થવાના અપડેટ આપ્યો છે. પુણે ટેસ્ટ કીવી ટીમ માટે ખુબ જ ચેલેન્જિંગ થનાર છે.

કેન વિલિયમ્સન બેંગ્લુરુમાં પણ ટીમનો ભાગ નહોતો. વિલિયમ્સન ટીમની સાથે ભારત પ્રવાસ પર નથી. બોર્ડ દ્વારા જાણકારી આપવામાં આવી હતી કે વિલિયમ્સન ઈજાના કારણે પહેલી ટેસ્ટનો ભાગ નહીં રહે. પરંતુ બીજી ટેસ્ટમાં ઉપલબ્ધ રહેશે. પરંતુ હવે અનુભવી બેટ્સમેન બીજી ટેસ્ટમાં પણ ટીમનો ભાગ નહીં હોય. જોકે, બોર્ડે આશા સેવી છે કે ભારત-ન્યૂઝીલેન્ડની વચ્ચે ત્રીજી ટેસ્ટમાં વિલિયમ્સન ટીમનો હિસ્સો હશે.

કેન વિલિયમ્સન ન્યૂઝીલેન્ડ માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. જોકે વિલિયમ્સન વિના પણ કીવી ટીમે શાનદાર પ્રદર્શન કર્યું. પરંતુ બીજી ટેસ્ટમાં જીતની લય જાળવી રાખવી મહેમાનો માટે ખુબ જ મુશ્કેલ હશે. હવે જોવાનું એ હશે કે કીવી ટીમ બીજી ટેસ્ટમાં ફેરફાર કરે છે કે નહીં. વિલ યંગની પાસે વધુ એક ગોલ્ડન ચાન્સ હશે. વિલિયમ્સનની વાપસી બાદ તેનું પત્તું પ્લેઈંગ ૧૧માંથી કપાઈ શકે છે.ન્યુઝીલેન્ડ ટીમ : ટોમ લાથમ (કેપ્ટન), ડેવોન કોનવે, વિલ યંગ, ડેરીલ મિશેલ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, ટોમ બ્લંડેલ (વિકેટકીપર), માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, મિશેલ સેન્ટનર, મેટ હેનરી, વિલિયમ ઓરુક, એજાઝ પટેલ, બેન સીઅર્સ, ટિમ સાઉથી, ઈશ સોઢી (માત્ર બીજી અને ત્રીજી ટેસ્ટ).

### ફિનટેક ફર્મ Paytm માટે સારા સમાચાર સામે આવ્યા

# NPCI એ નવા UPI યુઝર્સને ઉમેરવા માટે Paytm ને મંજૂરી આપી દીધી

**Paytm ના જણાવ્યા અનુસાર, તમામ દિશાનિર્દેશો અને પરિપત્રોનું પાલન કર્યા બાદ તેને આ મંજૂરી મળી છે**

નવી દિલ્હી, તા.૨૩

ઓનલાઈન પેમેન્ટ સેવાઓ પૂરી પાડતી ફિનટેક ફર્મ Paytm માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગઈકાલે તેણે તેના સપ્ટેમ્બર ક્વાર્ટર માટે ઉત્તમ પરિણામોની જાહેરાત કરી હતી. જે પછી કંપની માટે વધુ એક સારા સમાચાર આવ્યા છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એટલે કે NPCI એ નવા UPI યુઝર્સને ઉમેરવા માટે Paytm ને તેની મંજૂરી આપી દીધી છે.

આ વર્ષની શરૂઆતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના આંચકા બાદ Paytm કંપનીને મોટી રાહત મળી છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા નવા UPI વપરાશકર્તાઓને ઉમેરવા માટે Paytm માટે મળેલી આ મંજૂરીની પુષ્ટિ છેલ્લા કામકાજના દિવસે, ૨૨ ઓક્ટોબરના રોજ એક પત્ર જાહેર કરીને કરી હતી.

Paytm ના જણાવ્યા અનુસાર, તમામ દિશાનિર્દેશો અને પરિપત્રોનું પાલન કર્યા બાદ તેને આ મંજૂરી મળી છે. રિપોર્ટ અનુસાર, Paytm એ ઓગસ્ટ મહિનામાં NPCIને નવા UPI યુઝર્સ ઉમેરવાની પરવાનગી માટે વિનંતી કરી હતી. જે RBI દ્વારા Paytm પેમેન્ટ્સ બેંક પર લેવામાં આવેલી કાર્યવાહી બાદ રોકી દેવામાં આવી હતી.

આપણે NPCIના મંજૂરી પત્રને જોઈએ તો, નિયમનકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે Paytm એ જોખમ વ્યવસ્થાપન, મલ્ટી-બેંક માર્ગદર્શિકા અને ડેટા સુરક્ષા નિયમો સહિત અન્ય જરૂરી પાલનનું પાલન કરવું પડશે.

આ પછી, Paytm એ રેગ્યુલેટરી ફાઈલિંગમાં કહ્યું કે અમને એ જણાવતા આનંદ થાય છે કે NPCI એ તમામ સંબંધિત દિશાનિર્દેશો અનુસાર અમારા UPI પ્લેટફોર્મ પર નવા વપરાશકર્તાઓ ઉમેરવાની પરવાનગી આપી છે.

પહેલા ઓનલાઈન પેમેન્ટ સર્વિસ ફર્મ Paytm એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના બીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા હતા, જેમાં તેણે મજબૂત નફો કર્યો હતો અને કંપની તેના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો (Paytm Q2 પરિણામો) પછી પ્રથમ વખત નફાકારક બની હતી. જો આપણે જોઈએ તો કંપનીએ રૂ. ૯૨૮.૩ કરોડનો મજબૂત નફો મેળવ્યો છે, જ્યારે અગાઉના ક્વાર્ટરમાં કંપનીને રૂ. ૮૩૮.૯ કરોડનું રેકોર્ડ નુકસાન થયું હતું. Paytm એ સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન, તેણે તેના મનોરંજન ટિકિટિંગ બિઝનેસને ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ ઝોમેટોને વેચવાનો સોદો પૂર્ણ કર્યો હતો અને આ વેચાણને કારણે તેને રૂ. ૧,૩૪૫.૪ કરોડનો અસાધારણ નફો થયો હતો.જો કે, સપ્ટેમ્બર ક્વાર્ટરના ઉત્કૃષ્ટ પરિણામો છતાં, મંગળવારે પેટીએમના શેર ખરાબ રીતે ઘટ્યા હતા અને બજાર બંધ સમયે, તે ૫.૭૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૬૮૪ પર બંધ થયા હતા. પરંતુ આ બે સારા સમાચાર એકસાથે આવતા તેની અસર આજે કંપનીના શેર (Paytm શેર) પર જોવા મળી શકે છે. તમને જણાવી દઈએ કે Paytmનું માર્કેટ કેપિટલાઈઝેશન ૪૩૭૭૦ કરોડ રૂપિયા છે.

### ચાઈનાને કહી દીધું- સરહદ પર શાંતિ-સ્થિરતા જાળવો

# ૫ વર્ષ બાદ પીએમ મોદી અને ઝિનપિંગ મળ્યા

**બંને નેતા વચ્ચે લગભગ એક કલાક સુધી વાતચીત થઈ**

કઝાન, તા.૨૩

રશિયાના કઝાનમાં બ્રિક્સ સમિટથી ઈતર પીએમ મોદી અને ચીનના રાષ્ટ્રપતિ ઝિનપિંગની મુલાકાત થઈ છે. બંને નેતાઓ વચ્ચે લગભગ એક કલાક સુધી વાતચીત થઈ. આ મુલાકાત બાદ પીએમ મોદીએ કહ્યું કે, સરહદ પર શાંતિ અને સ્થિરતા બનાવી રાખવી આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. ૫ વર્ષ બાદ આપણી એટલે કે ચીન સાથે મુલાકાત થઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આપસી વિશ્વાસ, આપસી સન્માન અને આપસી સંવેદનશીલતા આપણા કૂટનીતિક સંબંધોની આધારશિલા હોવી જોઈએ. પીએમ મોદીએ ઝિનપિંગને કહ્યું કે, અમે સરહદ કરારનું સ્વાગત કરીએ છીએ.

બેઠક દરમ્યાન પીએમ મોદીએ ભારત-ચીન સંબંધોના મહત્વનો સ્વીકાર કર્યો. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, આપણે પાંચ વર્ષ બાદ ઔપચારિક રીતે બેઠક કરી રહ્યા છીએ. અમારુ માનવું છે કે, ભારત-ચીન સંબંધ ન ફક્ત આપણા લોકો માટે પણ વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને પ્રગતિ માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. બેઠક દરમ્યાન બંને નેતાઓએ સહમતિ વ્યક્ત કરી કે ભારત-ચીન સરહદના સવાલ પર વિશેષ પ્રતિનિધિ સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સૌહાર્દની પ્રબંધન દેખરેખ કરશે. સાથે જ આ મુદ્દાને નિષ્પક્ષ, યોગ્ય અને પારસ્પરિક રીતે સ્વીકાર્ય સમાધાન શોધવા માટે ટૂંક સમયમાં બેઠક કરશે.

### વિવાદિત નેતાનું પત્તું કપાયું

# અજિત પવારની એનસીપીએ ૩૮ ઉમેદવારના નામ જાહેર કર્યા

**૯૫% વર્તમાન ધારાસભ્યોને ફરીથી ટિકિટ : યાદીમાં નવાબ મલિક અને તેમના પુત્રી સના મલિકના નામ સામેલ નથી**

મુંબઈ, તા.૨૩

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે NCP અજિત પવાર જૂથે ૩૮ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. આ યાદીમાં સૌથી ખાસ વાત સામે આવી તે એ છે કે, તેમાં ૯૫% વર્તમાન ધારાસભ્યોને ફરીથી ટિકિટ આપવામાં આવી છે. આ યાદીમાં નવાબ મલિક અને તેમના પુત્રી સના મલિકના નામ સામેલ નથી. અજિત પવાર પોતે બારામતી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. નોંધનીય છે કે, નવાબ મલિક પર દાઉદ ઈબ્રાહિમ સાથે કનેક્શન હોવાના આરોપ છે, જેથી ભાજપ તેમનો વિરોધ કરી રહ્યો હતો.

આ ઉપરાંત યેવલાથી છગન ભુજબલ, આંબેગાંવથી દિલીપ વલસે પાટીલ, કાગલથી હસન મુશ્રીફ, પરલીથી ધનંજય મુંડેને ઉમેદવાર બનાવ્યા છે. અમરાવતી શહેરથી સુલભા ખોડકે, નવાપૂર ભરતથી ગાવિત, પાથરીથી નિર્મલા ઉત્તમરાવ વિટેકર અને મુંબ્રા કલવાથી નજીબ મુલ્લાને ટિકિટ મળી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે મહાયુતિમાં ભાજપ ૧૫૨થી ૧૫૫ બેઠકો પર ચૂંટણી લડી શકે છે. એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેના ૭૦ થી ૮૦ બેઠકો અને અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ૫૨થી ૫૪ બેઠકો પર પોતાના ઉમેદવારોને ચૂંટણી મેદાનમાં ઉતારી શકે છે. અત્યાર સુધીમાં મહાયુતિમાં ભાજપે ૯૯ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. બીજી તરફ શિવસેના (શિંદે જૂથ)એ પણ અત્યાર સુધીમાં માત્ર ૪૫ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે. તમને જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં ૨૮૮ બેઠકો છે. રાજ્યમાં ભાજપ, શિવસેના (એકનાથ શિંદે) અને NCP (અજિત પવાર) ગઠબંધનની સરકાર છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે સૌથી વધુ ૧૦૫ બેઠકો જીતી હતી. આ વખતે પણ મહાયુતિ પૂરી તાકાત સાથે ચૂંટણી મેદાનમાં ઉતરવા જઈ રહી છે. જો કે, શીટ શેરિંગને લઈને હજુ સુધી કોઈ સ્પષ્ટ ફોર્મ્યૂલા સામે નથી આવ્યો. હાલમાં ભાજપના ૧૦૩ ધારાસભ્યો છે. શિવસેના (શિંદે) પાસે ૪૦ ધારાસભ્યો અને NCP (અજિત પવાર) પાસે ૪૩ ધારાસભ્યો છે. મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા બેઠક માટે ૨૦ નવેમ્બરના રોજ મતદાન થશે અને પરિણામ ૨૩ નવેમ્બરે જાહેર કરવામાં આવશે. ગત ચૂંટણીમાં ભાજપને ૧૦૫, શિવસેનાને ૫૬, NCPને ૫૪ અને કોંગ્રેસને ૪૪ બેઠક મળી હતી.

### વાયનાડ લોકસભા બેઠકની પેટા ચૂંટણી

# પ્રિયંકા ગાંધીનો રોડ શો, દિગ્ગજોની હાજરીમાં ઉમેદવારી નોંધાવી

**કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વાયનાડની બેઠક ખાલી કર્યા બાદ હવે આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ રહી છે**

વાયનાડ, તા.૨૩

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેરળના વાયનાડથી ઉમેદવારી પત્ર ભર્યું છે. આ દરમિયાન પ્રિયંકાની સાથે તેમની માતા સોનિયા ગાંધી, ભાઈ રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ હતા. નોમિનેશન ફાઈલ કરતી વખતે પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા અને પુત્ર પણ તેમની સાથે હતા. આ પહેલા પ્રિયંકાએ એક રોડ શો અને જનસભાને સંબોધિત કરી હતી. રાહુલ ગાંધીએ અમેઠી અને વાયનાડ એમ બે લોકસભા બેઠકોમાંથી વાયનાડની બેઠક ખાલી કર્યા બાદ હવે આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ રહી છે. જેને લઈને આ બેઠક ફરી હોટ સીટ બની ગઈ છે. હવે આ બેઠક પર તેમની બહેન પ્રિયંકા ગાંધીએ કોંગ્રેસ વતી ઉમેદવારી નોંધાવવાની તૈયારી કરતાં આજે કોંગ્રેસ તરફથી રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાહુલ ગાંધી, રોબર્ટ વાડરા સહિત અનેક દિગ્ગજોની હાજરી જોવા મળી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં બંને બેઠકો પરથી જીત્યા બાદ રાહુલ ગાંધીએ અમેઠીને જાળવી રાખવાનો નિર્ણય કર્યો હતો. આ કારણે વાયનાડ સીટ ખાલી પડી અને ભાજપએ વાયનાડ લોકસભા પેટા ચૂંટણી માટે પ્રિયંકા ગાંધી સામે નવ્યા હરિદાસને મેદાનમાં ઉતાર્યા છે. વ્યવસાયે મિકેનિકલ એન્જિનિયર નવ્યાએ ૨૦૦૭માં બી.ટેક. પૂર્ણ કર્યું છે. હાલ તેઓ કોઝિકોડ કોર્પોરેશનમાં કાઉન્સિલર છે અને ભાજપ મહિલા મોરચાના રાજ્ય મહા સચિવ તરીકે પાર્ટી માટે કામ કરે છે.

૧૫ ઓક્ટોબરે ચૂંટણી પંચે ૪૮ વિધાનસભા મતવિસ્તાર અને બે સંસદીય બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત કરી હતી. મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીની સાથે આ પેટાચૂંટણીઓ બે તબક્કામાં યોજાવા જઈ રહી છે. પ્રથમ તબક્કા માટે ૧૩ નવેમ્બરે મતદાન થશે, જેમાં કેરળની ૪૭ વિધાનસભા સીટ અને વાયનાડ લોકસભા સીટનો સમાવેશ થાય છે.

### કોંગ્રેસના દિગ્ગજ સાંસદ ફસાયા

# કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદ વિરુદ્ધ આરોપો ઘડાયા

**જો નરેન્દ્ર મોદી સહારનપુર આવશે, તો તેમના ટુકડા કરી નાખવામાં આવશે તેવું નિવેદન ઈમરાન મસૂદે આપ્યું હતું**

સહારનપુર, તા.૨૩

ઉત્તર પ્રદેશના સહારનપુરના કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદ વિરુદ્ધ કોર્ટમાં આરોપ લગાવવામાં આવ્યો છે. ૧૦ વર્ષ પહેલા ૨૦૧૪માં તેમણે ગુજરાતના તત્કાલિન સીએમ અને વર્તમાન પીએમ નરેન્દ્ર મોદી વિરુદ્ધ ’બોટી-બોટી’ નિવેદન આપવા બદલ આરોપો ઘડવામાં આવ્યા હતા. જે કલમો હેઠળ આરોપો ઘડવામાં આવ્યા છે તેમાં ૫ થી ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. એવા જો તે દોષિત સાબિત થાય છે તો કોંગ્રેસના સાંસદને સંસદનું સભ્યપદ પણ ગુમાવવું પડી શકે છે.

૧૦ વર્ષ પહેલા સહારનપુરના સાંસદ ઈમરાન મસૂદે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમિયાન દેવબંદના ગામ લબકરીમાં આયોજિત એક જાહેર સભા દરમિયાન નિવેદન આપ્યું હતું કે, ’ગુજરાતમાં ૪% મુસ્લિમો છે, જ્યારે સહારનપુરમાં ૪૨% મુસ્લિમ છે. જો નરેન્દ્ર મોદી સહારનપુર આવશે, તો તેમના ટુકડા કરી નાખવામાં આવશે.’ આ ઉપરાંત સાંસદે સહારનપુરમાં બસપાના બે ધારાસભ્યો પર પણ વાંધાજનક ટિપ્પણી કરી હતી, જેમાંથી એક દલિત ધારાસભ્ય હતા. આ નિવેદનનો વીડિયો ઘણો વાયરલ થયો હતો અને તેને પીએમ મોદી વિરુદ્ધ હોવાનું કહેવાય છે, જેના કારણે ભારે હોબાળો થયો હતો.

આ નિવેદન બાદ દેવબંદ પોલીસ સ્ટેશનના તત્કાલિન ઈન્ચાર્જે ઈમરાન મસૂદ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૫છ (ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતું નિવેદન), લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૨૫ (ચૂંટણી દરમિયાન સમુદાયો વચ્ચે દુશ્મનાવટ ઉભી કરવા) હેઠળ કેસ દાખલ કર્યો હતો અને SC/ST એક્ટની કલમ ૩૧૦ (દલિત સમુદાય વિરુદ્ધ અપમાનજનક ભાષા) હેઠળ કેસ નોંધાયો હતો. પોલીસે આ કેસમાં સાક્ષી તરીકે ચાર પોલીસકર્મીઓ સહિત ૧૯ લોકોના નિવેદન નોંધ્યા છે. આ કેસ હજુ પણ ચાલી રહ્યો છે. ત્યારે મસૂદ કોંગ્રેસના લોકસભા ઉમેદવાર હતા. જો કે મસૂદે બાદમાં આ નિવેદન માટે માફી માંગી હતી, તેમ છતાં કાયદાકીય કાર્યવાહી ચાલુ રહી હતી. જો તે દોષિત સાબિત થશે તો જે કલમો હેઠળ તેમના વિરુદ્ધ કેસ દાખલ થયો છે તે બદલ તેને ૫ થી ૭ વર્ષની સજા થઈ શકે છે અને તે પોતાનું સાંસદ પદ પણ ગુમાવી શકે છે. હવે આ કેસમાં કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે અને જો ઈમરાન મસૂદ કોર્ટમાં દોષી સાબિત થશે તો તેને કાયદાકીય પરિણામ ભોગવવા પડી શકે છે. આ કેસમાં વધુ સુનાવણી હવે વિશેષ ન્યાયાધીશ મોહિત શર્માની કોર્ટમાં થશે, જ્યાં સાક્ષીઓ અને ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાના આધારે ચુકાદો સંભળાવવામાં આવશે.

### ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે ખુશીના સમાચાર

# દિવાળીના તહેવાર પર ચાર દિવસની રજા જાહેર

**૧ તારીખે રજા, તેના બદલામાં ૯ તારીખે કચેરીઓ ચાલુ**

અમદાવાદ, તા.૨૩

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓ માટે ચાર દિવસની રજા જાહેર કરવામાં આવી છે. જેમાં દિવાળી બાદ પડતર દિવસે પણ રજા જાહેર કરાઈ છે. જેને લઈને સરકારી કર્મચારીઓમાં ખુશીનો માહોલ છે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ પરિપત્ર અનુસાર, કેલેન્ડર વર્ષ ૨૦૨૪ મુજબ તા.૩૧-૧૦-૨૦૨૪ ગુરુવારે દિવાળીની રજા, તા.૨-૧૧-૨૦૨૪ શનિવારના રોજ નૂતન વર્ષની રજા તથા તા.૩-૧૧-૨૦૨૪ રવિવારના દિવસે ભાઈબીજ નિમિત્તે જાહેર રજા આવે છે. આ વચ્ચે તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ સરકારી કચેરીઓ ચાલુ રહેવાની હતી. જોકે, દિવાળી પર્વમાં સરકારી કર્મચારી/અધિકારીઓ તહેવારો માણી શકે તે હેતુથી તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ તમામ સરકારી કચેરીઓ (જેમાં પંચાયત અને રાજ્ય સરકારના બોર્ડ / કોર્પોરેશન સહિત) બંધ રહેશે અને તેના બદલામાં ૯-૧૧-૨૦૨૪ બીજા શનિવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રહેશે. આ હુકમો ગુજરાત સરકારની બધી કચેરીઓને તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશન તેમજ પંચાયત કચેરીઓને પણ લાગુ પડશે.

# પિપાવાવ એપીએમ ટર્મિનલ્સની એમ્બ્યુલન્સ દર્દીનારાયણ માટે આર્શીવાદરૂપ




પીપાવાવ, ગુજરાત, ૨૩ ઓકટોબર, ૨૪ એપીએમ ટર્મિનલ્સ પીપાવાવને જાહેર કરતાં ગર્વ થાય છે કે તેની ૨૪/૭ એડવાન્સ્ડ લાઈફ સપોર્ટ (એએલએસ) એમ્બ્યુલન્સે આસપાસના વિસ્તારોમાં ગ્રામજનોને મહત્વપૂર્ણ આરોગ્ય સેવા પ્રદાન કરતાં ૧,૦૦૦થી વધુ ઈમર્જન્સી કેસને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. એપ્રિલ ૨૦૨૨માં લોંચ કરાયેલી એએલએસ એમ્બ્યુલન્સ શિયાળબેટ, રામપરા, ભેરાઈ, દિવાલો, દેવપરા અને થાવી ગામના રહેવાસીઓ માટે જીવનરક્ષક સાબિત થઈ છે. અદ્યતન તબીબી ઉપકરણો તથા ઉચ્ચ પ્રશિક્ષિત પેરામેડિકસથી સજ્જ એમ્બ્યુલન્સે ટ્રોમા, હદયસંબંધિત કેસ, સ્ટ્રોક, આંચકી અને પોઈઝનિંગ સહિતની વિવિધ પ્રકારની ઈમર્જન્સીમાં મદદ કરી છે. મહત્વપૂર્ણ છે કે એએલએસે એમ્બ્યુલન્સમાં ૧૧ ઈમર્જન્સી ડિલિવરીની સુવિધા પ્રદાન કરી છે. તે જીવલેણ પરિસ્થિતિઓમાં સમયસર તબીબી હસ્તક્ષેપની મહત્વતા દર્શાવે છે. કંપની મોબાઈલ હેલ્થ યુનિટ, પોર્ટ મેડિકલ સેન્ટર અને અમરેલીમાં સુદર્શન નેત્રાલય ખાતે દ્વી-માસિક આઈ ચેક-અપની સુવિધા પણ પ્રદાન કરે છે, જેનો ઉદેશ્ય આસપાસના વિસ્તારોમાં સમુદાયોને વ્યાપક આરોગ્ય સેવા પૂરી પાડવાનો છે. એપીએમ ટર્મિનલ્સ પીપાવાવના મેનેજિંગ ડિરેકટર ગિરિશ અગ્રવાલે કહ્યું હતું કે, ''અમે આરોગ્ય સેવાઓને વિસ્તારવાના અમારા મીશનમાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કરતા ગર્વ કરીએ છીએ. અમારી એએલએસ એમ્બ્યુલન્સ સેવાઓ ગ્રામજનોની સુખાકારી પ્રત્યેની અમારી કટીબદ્ધતા દર્શાવે છે તથા સુનિશ્ચિત કરે છે કે ગ્રામજનો શકય તેટલી શ્રેષ્ઠ ઈમર્જન્સી કેર મેળવે. એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ ખાતે અમે સમુદાયો વચ્ચે આરોગ્યને પ્રોત્સાહન આપવા અને બિમારીઓ રોકવા પર્યાપ્ત આરોગ્ય સુવિધાઓ પ્રદાન કરવા કટીબદ્ધ છીએ. વર્ષ ૨૦૨૪ના બીજા કવાર્ટરમાં એએલએસ એમ્બ્યુલન્સે ૧,૧૪૩ ટ્રીપ પૂર્ણ કરીને ૧,૪૨૬ ગ્રામજનોને ઈમર્જન્સી મેડિકલ સપોર્ટ આપીને પ્રભાવી અસર પેદા કરી છે. આ સેવાનો સરેરાશ રિસ્પોન્સ ટાઈમ માત્ર ૬ મીનીટ અને ૪૮ સેકંડ રહ્યો છે, જે તાત્કાલિક સેવા પ્રદાન કરવાનું સુનિશ્ચિત કરે છે. વધુમાં, એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ દર મહિને ૨,૦૦૦થી વધુ ગ્રામવાસીઓને આવશ્યક આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, જે નિવારક અને ઉપચારાત્મક સ્વાસ્થ્ય જરૂરિયાતોને સંબોધિત કરે છે. તેમાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ વચ્ચે માનસિક આરોગ્યને પ્રોત્સાહન આપવા સહિત વિવિધ આરોગ્યલક્ષી પહેલો સામેલ છે. એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ તેની આરોગ્યસંભાળ અને કલ્યાણ કાર્યક્રમો દ્વારા આસપાસના સમુદાયોના આરોગ્ય અને સુખાકારીને સુધારવા માટે સમર્પિત રહે છે. સુલભ અને સસ્તી આરોગ્યસંભાળ સેવાઓ પ્રદાન કરીને કંપનીનો ઉદેશ્ય પ્રદેશના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપવાનો છે.

### ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં વરદહસ્તે

## અમરેલી જીલ્લા સ.ખ.વે.સંઘ લી.નાં ફટાકડાનાં શો - રૂમનો પ્રારંભ થયો

### સહકારી ક્ષેત્રનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૨૩

અમરેલી જીલ્લા સ.ખ.વે.સંઘ લી. નહી નફો - નહી નુકસાનના ધોરણે પ્રખ્યાત કંપનીઓ શીવાકાશીનાં સારી કવોલીટીના ફટાકડાનો દિવાળીના તહેવારમાં વેચાણ કરવામાં આવે છે. અમરેલી જીલ્લા સ.ખ.વે.સંઘ લી. ફટાકડા સ્ટોલનું ઘણા વર્ષોથી દિલીપસંઘાણીના માર્ગદર્શન દ્વારા વિતરણ વ્યવસ્થા કરે છે.

આ ઉદઘાટના પ્રસંગે અમરેલી જીલ્લા સ.ખ.વે.સંઘના ચેરમેન જયંતિભાઈ પાનસુરીયા, અમરેલી જીલ્લા સહકારી સંઘના ચેરમેન મનિષભાઈ સંઘાણી, અમરેલી નાગરીક બેંકના ચેરમેન જયેશભાઈ નાકરાણી, જી.સ.ખ.વે.સંઘના ઉપપ્રમુખ દિપકભાઈ માલાણી, જીલ્લા સંઘના ડીરેકટર મગનભાઈ વિરાણી, બાબુભાઈ સખવાળા, હિંમતભાઈ પાનશેરીયા, કલ્પેશભાઈ ગજેરા, હરજીભાઈ નારોલા, જીલ્લા બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, બેંકના ડીરેકટર પીયુષભાઈ શુકલ, બેંકના એમ.ડી. કોઠીયા, અમર ડેરીના ડીરેકટર ભાવનાબેન ગોંડલીયા, આગેવાન ધીરૂભાઈ વાળા, અમરેલી શહેર ભાજપના પ્રમુખ ભાવેશભાઈ સોઢા, ઋજુલભાઈ ગોંડલીયા હાજર રહેલ હતા. તમામ મહાનુભાવોને સંઘના મેનેજર સુરેશભાઈ સંઘાણી અને જીલ્લા સંઘના ફટાકડા વિભાગના સ્ટાફે તમામ લોકોને આવકારેલ અને ફટાકડા સ્ટોલ ખુલ્લો મુકવામાં આવેલ હતો. તેમ અખબારી યાદી જણાવે છે.

## ખાંભા તાલુકાના ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમમાં ૧,૨૮૭ અરજીઓનો સ્થળ પર નિકાલ

અમરેલી, તા.૨૩


રાજય સરકારની જનકલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી ઘરઆંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસન નેમ સાથે રાજયવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો હતો. મહત્વનું છે કે, આગામી તા.૩૧ ઓકટોબર સુધી રાજયભરમાં યોજાનાર આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગરપાલિકા-મહાનગરપાલિકા દીઠ બે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. રાજય સરકારના વિવિધ વિભાગોની ૫૫ જેટલી જનકલ્યાણલક્ષીસેવા સુવિધાઓ સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદેશ્ય છે. સેવા સેતુ કાર્યક્રમ એ રાજય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે.

ખાંભા તાલુકા ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમ-૨૦૨૪ યોજાયો હતો, કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. સેવા સેતુ કાર્યક્રમમાં ૪૬૬ પશુઓને રસીકરણ (ડીવમીંગ), ૨૦૩ હેલ્થ અને વેલનેસ કાર્ડ ધારકોની ડાયાબિટીઝ અને બી.પી ચકાસણી, ૨૦૦ રાશનકાર્ડ ધારકોની ઈ-કેવાયસી સેવા, ૬૩ સર્જિકલ સારવાર, ૬૩ આધારકાર્ડમાં સુધારાની અરજી, ૪૩ અરજદારોના આવકના દાખલા સંબંધિત અરજી, ૧૩ રાશનકાર્ડ ધારકોની નામ દાખલ કરવું, નામ કમી કરવા સંબંધિત અરજી, જાતિ પ્રમાણપત્ર સંબંધિત ૪ અરજી સહિતની ૧,૨૮૭ અરજીનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો. રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.

### પંચાયત, સ્ટેટ અને સેન્ટ્રલનાં માર્ગો બન્યા દયનીય

## ઉનાનાં લામધારથી વ્યાજપર જતાં નેશનલ હાઈવેમાં પડયા ગાબડા

### રેલ્વે બ્રિજ બન્યાને ૭ મહિનામાં ત્રીજીવાર બેસી ગયો


તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

ઉના, તા. ૨૨

સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવે ૮-૮ વર્ષથી ચાલુ હોવા છતાં હજુ પૂરૂં થયું નથી. લોકોના ટેકસના પૈસાથી બનતા રોડ પર જનતા પાસે જ ટોલ ટેકસના નામે ઉઘરાણા અને તેમ છતાં વાહન ચાલકોને તૂટેલા રોડ પર વાહન ચલાવવા મજબૂર બને છે. ઉના શહેરને બાયપાસ નેશનલ હાઈવે દ્વારા રેલ્વે લાઈન ઉપર બ્રિજ ૬ થી ૭ મહિના પહેલા જ કાર્યરત કરવામાં આવ્યો છે. આ નેશનલ હાઈ વે ચાલુ થવાથી ઉના શહેરને ટ્રાફિકમાંથી છુટકારો મળ્યો પણ આ રેલ્વે લાઈન ઉપરનો બ્રિજનો ભાગ ચાલુ થયાના ૭ મહિનામાં ત્રીજી વાર તિરાડો પડીને અને રોડ તૂટયો. માત્ર ૭ મહિનામાં ત્રણ ત્રણ વાર તૂટયો અને તેની ઉપર રીપેરીંગ કામ પણ કરવામાં આવ્યું છતાં જૈસે ઠે... જો આ કોંક્રિટ રોડ આટલા સમયમાં તૂટી જતો હોય તો તેની આયુષ્ય કેટલી.? કે ફરી રોડ બનાવતી એજન્સીઓ દ્વારા અને અધિકારીઓની મીલીભગતથી આમાં મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હશે...? રોડ ઉપર ચાર ચાર ઈંચ તિરાડો પડી ગઈ અને તેમજ ચારથી પાંચ ઈંચ પહોળી તિરાડોની ઊંડાઈ એક ફૂટ ઉંડી વધુ છે. આ તિરાડોને લીધે રોડ પર અકસ્માત સર્જાય તો જવાબદાર કોણ..?

સોમનાથથી ભાવનગર સુધીનો આ રોડ ૨૦૧૬ માં શરૂ થયેલ અને ૩ વર્ષમાં પૂરો હતો આજે ૮ વર્ષ જેટલો સમય થયો છતાં હજુ પૂરો થયો નથી. રોડને ખુલ્લો મુકતા પહેલા જ તેમાં કેટલો મોટો ભ્રષ્ટાચાર થયો છે તેની સાબિત આ તિરાડો આપે છે. પ્રજાના ટેકસના હજારો કરોડના ખર્ચે બની રહેલો આ નેશનલ હાઈ વે બન્યાના ૭ માસમાં જ તૂટવા લાગ્યો છે. આ રોડની આવરદા ઓછામાં ઓછી વીસ વર્ષ આંકવામાં આવી એ જ રોડ બન્યાના માત્ર ૭ માસમાં ઠેર ઠેર તૂટવા લાગ્યો અને બેસવા લાગ્યો છે. ઉનાના લામધાર-વ્યાજપર બાયપાસ રોડ રેલવે બ્રિજ પાસે ૭ માસ પૂર્વે જ ખુલ્લો મુકવામાં આવ્યો અને રોડ ધોવાઈ ગયો તો કેસરિયાથી ગાંગડા વચ્ચે આવેલા અન્ય બે બ્રિજ પણ અનેક જગ્યાએ રોડ બેસી ગયો છે તૂટવા લાગ્યા છે. આ બ્રિજમાં અનેક જગ્યાએ ગાબડાં પાડવા લાગે છે. જે રોડને સહુથી વધુ આવરદા વાળો રોડ કહેવામાં આવે છે એ રોડને જાણે કે ભ્રષ્ટાચારના ભરડામાં આવી ગયો હોય તેમ જણાય રહ્યું છે. આ સિમેન્ટ રોડમાં ડામર પાથરીને પાપ છુપાવવાની કોશિષ કરવામાં આવી હતી છતાં ફરી તૂટવા લાગ્યો એટલે ના છૂટકે ફરી તોડીને હવે કોંક્રિટથી રિપેર કરવામાં આવી રહ્યો છે. આ નેશનલ હાઈ વેમાં ભ્રષ્ટાચાર કરનાર એજન્સીઓ બ્લેક લીસ્ટ કરવામાં આવે તેમજ આ કામમાં મદદ થનાર સરકારી કર્મચારીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## સાવરકુંડલા : યુથ રેડ ક્રોસ ક્લબની રચના અને સીપીઆરની તાલીમનો પ્રોગ્રામ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલાની વી.ડી. કાણકીયા આર્ટ્સ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજમાં દર વર્ષે 'યુથ રેડ ક્રોસ ક્લબ' અને સીપીઆરની તાલીમનું આયોજન કરવામાં આવે છે. જેના અનુસંધાને કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે આ તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ રેડ ક્રોસ સોસાયટી, સાવરકુંડલાના નેજા હેઠળ યોજવામાં આવે છે. રેડક્રોસ સોસાયટી, સાવરકુંડલાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર વિશે માર્ગદર્શન કરવામાં આવ્યું અને વિડીયો અને પ્રેક્ટીકલ પ્રયોગ દ્વારા રીકવરી પોઝીશન તથા સીપીઆરની તાલીમ આપવામાં આવી. કોઈ ક્રીટીકલ પરિસ્થિતિમાં ફસાયેલા વ્યક્તિનો જીવ બચાવવા માટેની પ્રક્રિયાની સમજણ આપવામાં આવી.

આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ રવિયા સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ પ્રેરણાદાયી માર્ગદર્શન કરવામાં આવ્યું અને યુથ રેડ ક્રોસ ક્લબને પ્રેકટીકલ પ્રવૃત્તિઓમાં જોડવામાં આવશે તેવી ખાત્રી આપી હતી. આખાય કાર્યક્રમનું સંચાલન યુથ રેડ ક્રોસ ક્લબના કો-ઓર્ડીનેટર તથા કોમર્સ વિભાગના અધ્યાપક ડો. હરેશ દેસરાણી દ્વારા કરવામાં આવ્યું.

### રાજય સરકારના માહિતીખાતા દ્વારા પ્રકાશિત

## 'ગુજરાત દીપોત્સવી' અંક અમરેલી જિલ્લા માહિતી કચેરી ખાતે ઉપલબ્ધ

### રાજયના પ્રસિદ્ધ લેખકો દ્વારા લિખિત અભ્યાસ લેખ, નવલિકા, વિનોદીકા, કાવ્ય, સહિતની કૃતિઓનો રસથાળ

અમરેલી, તા.૨૩

રાજય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તકના માહિતી ખાતા દ્વારા રાજય સરકારના માહિતી ખાતા દ્વારા ''ગુજરાત દીપોત્સવી' અંક ૨૦૨૪ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે, દર વર્ષે વિવિધ વિષયોના અનેક પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં આવે છે.

અમરેલી જિલ્લાના વાચક રસિકોએ 'ગુજરાત દીપોત્સવી' અંક ૨૦૨૪ મેળવવા રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન જિલ્લા માહિતી કચેરી, રાજમહેલ કમ્પાઉન્ડ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી ખાતેથી રૂ.૪૦ની કિંમત ચૂકવી આ અંક પ્રાપ્ત કરી શકશે.

રાજયના પ્રસિદ્ધ લેખકો દ્વારા લિખિત અભ્યાસ લેખ, નવલિકા, વિનોદીકા, કાવ્ય સહિતની કૃતિઓ ' ગુજરાત દીપોત્સવી' અંકમાં સમાવિષ્ટ છે. ગુજરાતના ગણમાન્ય પ્રસિદ્ધ લેખકો દ્વારા લિખિત નાટિકા સહિત ઉત્કૃષ્ટ કક્ષાના રંગબેરંગી ચિત્રો પણ સમાવિષ્ટ છે.

'ગુજરાત દીપોત્સવી'માં પ્રસિદ્ધ અને ગણમાન્ય ગુજરાતી સાહિત્યના લેખકો ગુણવંત શાહ, કૃષ્ણકાંત ઉનડકટ, લલિત ખંભાયતા, જોરાવરસિંહ જાદવ, ડો. વિષ્ણુ પંડયા, ડો. કુમારપાળ દેસાઈ, નટુભાઈ પરમાર, પુલક ત્રિવેદી, સહિતના લેખકોના અભ્યાસલેખનો સમાવિષ્ટ છે.

પ્રતિવર્ષ ગૌરવભરી પરંપરા અનુસાર આ વર્ષે પણ રાજય સરકારનું માહિતી ખાતુ સાહિત્ય રસિકો માટે વાચનનો રસથાળ લઈને આવ્યુ છે. વિવિધ વિષયો પરના અભ્યાસલેખો વાચકના જ્ઞાનમાં વૃદ્ધિ કરશે. વિખ્યાત વાર્તાકારો દ્વારા લિખિત વાર્તાઓ તનમનને ઝંકૃત કરી દે તેવા વિષયો પર લખવામાં આવી છે. રંગબેરંગી કલાત્મક ચિત્રો અને કેમેરામાં કંડારાયેલી કરામત વાચકોને મંત્રમુગ્ધ કરશે.

### અક્ષર મંદિર, ગોંડલ મુકામે

## અમરેલીના હાર્દિકભાઈ મજેઠીયાએ ત્યાગાશ્રમની દીક્ષા ગ્રહણ કરી

### જર્મનીમાં અભ્યાસ કરીને સમાજ સેવામાં જોડાયા



અમરેલી, તા. ૨૩

અમરેલીના નવ યુવાન હાર્દિકભાઈ જગદીશભાઈ મજેઠીયાએ તા.૨૩-૧૦-૨૪ના રોજ અક્ષર મંદિર, ગોંડલ ખાતે બી. એ. પી. એસ. સંસ્થાના વડા પ.પૂ. મહંતસ્વામી મહારાજના વરદ હસ્તે ત્યાગાશ્રમ દીક્ષા ગ્રહણ કરી છે. પ. પૂ. મહંત સ્વામી મહારાજે તેમનું પાર્ષદી નામ પૂ. કશ્યપ ભગત રાખ્યું છે. હાર્દિકભાઈએ ભારતમાંથી ફાર્મસીની ડિગ્રી મેળવેલ. ત્યારબાદ જર્મની ખાતે ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરેલ છે. આવી તેજસ્વી કારકિર્દી પ. પૂ. મહંત સ્વામી મહારાજના ચરણોમાં સમર્પિત કરી ત્યાગાશ્રમના ગ્રહણ કરી સત્સંગ અને સમાજ સેવામાં જોડાયા છે. અક્ષર મંદિર, ગોંડલ ખાતે યોજાયેલ દીક્ષા સમારોહમાં વેદોક્ત વિધિ મુજબ ૨૯ સુશિક્ષિત યુવાનોએ દીક્ષા ગ્રહણ કરી છે. તેમજ આગામી તા. ૨૬ ઓક્ટોબરના રોજ બીજા ૩૦ સુશિક્ષિત નવ યુવાનો દીક્ષા લેશે. બી. એ. પી. એસ. સંસ્થામાં કુલ ૧૨૧૯ સંતો સમાજ અને સત્સંગની સેવામા કાર્યરત છે.

# અમરેલી ખાતે નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજ એન્ડ હોસ્પિટલ દ્વારા આયુર્વેદ સપ્તાહની ઉજવણી



અમરેલી ખાતે નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ ધ્વારા આયુર્વેદ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ નાયબ દંડક કૌશિક વેકરિયાનાં વરદ હસ્તે કરવામાં આવેલ. આયુર્વેદ સપ્તાહની ઉજવણી અંતર્ગત ૧૫૦૦ જેટલા આયુર્વેદ વૃક્ષો જનતા સુધી પહોંચાડવાનો પ્રારંભ કરવામાં આવેલ. પ્રથમ છોડ નાયબ દંડકને સંચાલક અર્પણ જાની ધ્વારા અર્પણ કરવામાં આવેલ તેમજ જનજાગૃતિ અર્થે યોજાયેલ રેલીને લીલી ઝંડી નાયબ દંડક ધ્વારા આપવામાં આવેલ. તેમજ આ તકે યોજાયેલ આયુર્વેદિક કેમ્પનો આરોગ્ય ચકાસણી કરાવીને નાયબ દંડકે પ્રારંભ કરાવેલ.

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરામાં દિવાળીનાં તહેવારોમાં

નીકળ્યા. હાલ નગરપાલિકાને મોટી મોટી મિલ્કતો ગેરકાયદેસર રીતે દબાણ કરી બેઠા છે તે નજર નથી આવતું ત્યારે નાના નાના વેપારીઓને હેરાન કરી પોતાની રોજીરોટી રળતા હોય રોજે રોજનું લઈને ટકેટકનું ખાતા હોય તેવા લોકોને જોહુકમી કરી તેના કર્મચારીઓ અને ચીફ ઓફિસર શાક માર્કેટમાં નીકળી અને નાના લારીઓવાળાને દબાવી દબાવીને ૨૦૦ ની પાવતી આપી લારી હટાવવા કહ્યું હતું અને લારી રાખવી હોય તો રૂપિયા બસોની પાવતી આપો તો મને કાંઈ દબાણ નડતું નથી. આવી રીતે ખોટી રીતે હેરાન કરવા નીકળી પડેલ આ નગરપાલિકાના કર્મચારીઓ કયારે સુધારો લાવશે.

આ બાબતે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશભાઈ હડિયલ દ્વારા ચીફ ઓફિસરને અનેકવાર રજૂઆત કરેલ પરંતુ ચીફ ઓફિસરે કહ્યું હતું કે હું તો એ કરીશ જ મારે આખું ગામ ચોખ્ખું કરાવું છે. પરંતુ ચીફ ઓફિસરને જાગૃત નાગરિક દ્વારા એવો પણ પ્રશ્ન કરવામાં આવે છે કે મોટા મોટા બંગલા અને મોટા મોટા ગેરકાયદેસર દબાણ કરેલા જેમાં રાજકારણીના દબાણ છે તે તમારામાં દૂર કરવાની તાકાત છે કે તમો ખાલી નાના માણસોને દબાવવા જ નીકળ્યા છો. આજે બગસરાની બજારમાં અતિવૃષ્ટિ વરસાદ પડવાથી ભયંકર પરિસ્થિતિનો સામનો વેપારીઓ તથા નાના લારીઓ વાળા કરી રહ્યા છે અને બગસરાની બજારમાં અમુક વેપારીઓને લારીવાળાને બોણી પણ નથી થતી. બજારોમાં દિવાળી ટાઈમ હોવા છતાં ઉજજડ જોવા મળે છે. ત્યારે આ ચીફ ઓફિસરને તો પણ પહેલી તારીખ આવે એટલે પગાર ખાતામાં પડી જતો હોય એટલે નાના માણસોના ચૂલો સળગે છે કે કેમ તેને શું ખબર હોય તેને તો માત્ર જોહુકમી જ કરવી હોય.

હાલ બગસરા શાક માર્કેટમાં લારીઓવાળાને તમામ શાકભાજી વેચાણનું નથી અને પડયું રહ્યું છે તથા ફ્રુટવાળાને પણ બધું ફ્રૂટ પડયું છે તેમજ ઠંડા પીણા, દૂધ કોલ્ડીંગવાળાને પણ પોતાનો માલ બગડયો છે. આ તમામ નુકસાનીની ભરપાઈ ચીફ ઓફિસર કરશે ખરા તેને જો કોઈના રોટલા ઉપર પાટુ મારવું હોય તો આ રીતે કરવાથી તેને કોઈ ફાયદો થતો નથી. પરંતુ અગાઉ લારી ગલ્લાવાળાઓને કહેવું પડે કે અમો કેટલા દિવસમાં આ વિસ્તારમાં લારી રાખવાની નથી તેની વૈકલ્પિક વ્યવસ્થા તમે કરી લેશો જેથી લારીઓ વાળા પોતે આ મોંઘો માલ માર્કેટિંગયાર્ડમાં ખરીદી કરે નહીં અને હાલ વરસાદ વધુ પડવાથી માર્કેટિંગ યાર્ડમાં શાકભાજી ઓછું આવતું હોય જેથી જેનો ભાવ ૧૦૦ થી વધુ દરેક શાકભાજીનો છે. ત્યારે આ શાકભાજીનો વેપાર તો ન જ થયો પરંતુ નાના નાના લારીઓવાળાને ફ્રૂટ, શાકભાજી ફેંકવાનો વારો આવ્યો છે. ત્યારે આવું કરવાથી નગરપાલિકાના કર્મચારી કે ઓફિસરને શું આનંદ આવ્યો હશે જે દિવાળી અને બેસતાવર્ષની આ ભેટ સ્વરૂપે લોકોને રોજી રોટીને પાટુ મારવાનું મન થયું.

આ બાબતે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દ્વારા શાક માર્કેટમાં ચીફ ઓફિસરને ઉગ્ર રજૂઆત કરેલ. તેમણે કહ્યું હતું કે આ નાના માણસો માટે આવું ન કરો તો સારૂં તેને થોડોક ટાઈમ આપો અને તેના માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપો. જેથી ચીફ ઓફિસરે તે બાબતે નનૈયો કર્યો બગસરાની બજારમાં અનેક લોકો મોટા મોટા બંગલા વાળા છે તે વેરા નથી ભરતા અને આજ દિન સુધી તેનું નગરપાલિકા કશું કરી શકી નથી. નાના લારીઓવાળા પાસેથી કુલ ૭,૫૦૦નો દંડવસૂલ કરવામાં આવ્યો હતો તેમજ પડતર મિલ્કત ગેરકાયદેસર બાંધકામ આ ઉપરાંત નગરપાલિકા હાલમાં જે નવી સ્થાપના કરવામાં આવી છે અત્યારે હાલમાં નગરપાલિકા છે ત્યાં તે સાર્વજનિક પ્લોટમાં બનાવેલ છે તે પણ ગેરકાયદેસર છે તો પણ તેની નોટિસ કાઢવી જોઈએ પહેલા તમારૂં તો ચોખ્ખું કરો પછી બીજાને કહેવા નીકળો તે કહેવતને સાર્થક કરી બતાવતા ચીફ ઓફિસરને કોણ ભાન કરાવશે તેવો વેધક સવાલ લોકોમાં જ જોવા મળ્યો હતો. આ ઉપરાંત લોકોએ જેને નગરપાલિકાના સભ્ય તરીકે સિલેકટ કરેલ છે અને ખોબલે ખોબલે મત આપ્યા છે તેવા નગરપાલિકાના સભ્યો લોકોના પ્રશ્નોને સાંભળવા કે હલ કરવા કે પૂછવા આવ્યા ન હતા. આવા સ્વાર્થી નગરપાલિકાના સભ્યોને જનતાએ હવે ઓળખી લેવું જોઈએ કે જયારે મત જોતા હોય ત્યારે તેની આગળ પાછળ ફરે રાખે છે અને ઘરે રિક્ષા મોકલે છે. ત્યારે પોતાની રોજી રોટી ઉપર નગરપાલિકા પાટુ મારે છે. ત્યારે આ સભ્યો કઈ ગુફામાં જઈને બેઠા હોય છે તેઓ સવાલ બગસરાના જાગૃત મતદારો કરી રહ્યા છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૧૭ | ૧૦૮૨ |
| ૨ | શિંગ મોટી | ૭૫૦ | ૧૧૮૪ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૩૫ | ૨૭૬૫ |
| ૫ | તલ કાળા | ૨૩૦૦ | ૩૮૯૫ |
| ૬ | બાજરો | ૪૨૩ | ૫૫૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૧ |
| ૮ | ઘઉં લોકવન | ૫૫૩ | ૬૪૪ |
| ૯ | મગ | ૫૦૦ | ૧૭૨૨ |
| ૧૦ | અડદ | ૬૪૦ | ૧૭૬૦ |
| ૧૧ | ચણા | ૭૪૫ | ૧૪૭૧ |
| ૧૨ | ચણા સફેદ | ૧૯૨૦ | ૧૯૨૦ |
| ૧૩ | કપાસ | ૭૪૦ | ૧૬૭૦ |
| ૧૪ | એરંડા | ૧૧૪૦ | ૧૨૨૬ |
| ૧૫ | જીરૂ | ૪૧૬૦ | ૪૫૭૦ |
| ૧૬ | ધાણા | ૯૦૦ | ૧૩૦૦ |
| ૧૭ | સોયાબીન | ૬૩૦ | ૮૬૬ |
| ૧૮ | રજકાનું બી | ૨૫૦૦ | ૫૨૫૦ |

ભાજપમાં ચાલતી આંતરિક જુથબંધીની ચર્ચા વચ્ચે

# અમરેલીમાં આવતીકાલે મળનારી પાલિકાની સામાન્ય સભા અનિવાર્ય સંજોગોમાં મોકુફ રખાઈ

## નારાજ નગરસેવકોને મનાવવાનો ખાનગીમાં પ્રયાસ

અમરેલી, તા. ૨૩

અમરેલીની ભાજપ શાસિત પાલિકામાં સત્તાપક્ષનાં અનેક નગરસેવકોમાં નારાજગીનો માહોલ હોય તેવા સમયે ૨૫ ઓકટોબરનાં રોજ યોજાનારી સામાન્ય સભાની બેઠક અનિવાર્ય સંજોગો હેઠળ મોકુફ રાખવામાં આવી હોય ભાજપમાં ચાલતી જુથબંધીની ચર્ચા વધુ વેગવંતી બની છે.

શહેરમાં ચર્ચાતી વિગતો મુજબ પાલિકામાં ભાજપનાં ૩૪થી ૩૫ જેટલા નગરસેવકો છે. જેમાંથી અમુક નગરસેવકોની અવગણના થતી હોય કે તેઓને વિશ્વાસમાં લેવામાં આવતાં ન હોય તેઓ આરાજ બન્યા છે અને ધીમે ધીમે નારાજ નગરસેવકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અને પાલિકાનું શાસન ૫ થી ૭ નગરસેવકો ચલાવીને મલાઈ મેળવતાં હોવાની ચર્ચા શરૂ થયા વચ્ચે સામાન્ય સભામાં અસંતોષ પ્રકાશમાં આવે તેવો માહોલ ઉભો થયો હોય અને આવા કોઈ કારણોસર સામાન્ય સભા મોકુફ રાખવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડેલ છે.

### અવસાન નોંધ

**ધારી :** રસીકભાઈ હરિદાસભાઈ રાજા, વંથલીવાળા તે કિરીટભાઈ અને જગદીશભાઈ રાજાના પિતાશ્રી તથા રવી અને લખનના દાદા (ઉ.વ. ૯૨)નું તા. ૨૩/૧૦/૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.

તેમનું બેસણું તથા સસરા પક્ષની સાદડી તા. ૨૪/૧૦/૨૦૨૪, ગુરૂવારે સાંજે ૪:૦૦થી ૫:૦૦ કલાકે આત્મેશ્વર મંદિર, રણછોડનગર, જલારામ સ્વીટ સામે, શ્રીનાથ નગરની બાજુમાં, જુનાગઢ ખાતે રાખેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૮ | ૧૬૦૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૦૦ | ૧૦૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૬૪૫ |
| ૨ | કપાસ કોડી | ૧૦૪૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી નવી | ૯૩૫ | ૧૧૬૫ |
| ૪ | મગ | ૧૨૭૦ | ૧૫૬૦ |
| ૫ | અડદ | ૧૨૫૦ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં | ૫૦૯ | ૬૫૧ |
| ૭ | જીરૂ | ૪૦૪૦ | ૪૫૨૦ |
| ૯ | તલ સફેદ | ૨૦૫૫ | ૨૪૯૫ |
| ૧૦ | તલ કાળા | ૩૦૭૦ | ૩૬૩૦ |
| ૧૧ | સોયાબીન | ૬૮૨ | ૭૪૮ |
| ૧૨ | બાજરો | ૩૯૦ | ૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૦૦ | ૧૦૭૩ |
| ૨ | શીંગ મોટી | ૮૧૦ | ૧૧૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૬૧ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૫૬૬ |
| ૫ | જીરૂ | ૪૨૦૦ | ૪૬૭૨ |
| ૬ | કપાસ | ૧૧૫૦ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૧ | ૬૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૧ | ૬૭૨ |
| ૯ | બાજરો | ૪૭૫ | ૫૬૭ |
| ૧૦ | જુવાર | ૫૨૨ | – |
| ૧૧ | મકાઈ | ૫૨૬ | – |
| ૧૨ | મગ | ૧૩૫૦ | ૨૧૫૦ |
| ૧૩ | અડદ | ૧૨૬૭ | ૧૮૭૧ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૧૩૩૮ |
| ૧૫ | તુવેર | ૧૪૮૬ | – |
| ૧૬ | એરંડી | ૮૦૦ | ૧૧૮૭ |
| ૧૭ | સોયાબીન | ૫૮૧ | ૮૪૨ |

મામલતદારને આવેદનપત્ર પાઠવીને

# લીલીયા : સરપંચ એસોસીએશને અતિવૃષ્ટિનું સર્વે કરવા માંગ કરી

## દિવાળી પહેલા ખેડૂતોને મદદ કરવા રજૂઆત

લીલીયા, તા. ૨૩

લીલીયા મોટા તાલુકાનાં સરપંચ એસો. દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવેલ છે.




આવેદનપત્રમાં જણાવેલ છે કે, અતિવૃષ્ટિથી લીલીયા તાલુકાના દરેક ગામડાઓમાં ખેતીવાડીના દરેક પાકમાં ખૂબ જ નુકસાન થયું છે. જેમ કે, કપાસ, મગફળી, સોયાબીન કઠોળ વિ.જેવા પાડો સંદતર નિષ્ફળ ગયા છે. કુદરત સામે ખેડૂત લાચાર બન્યા છે. આ સંજોગોમાં મોંઘવારીનો માર સહન કરવાની શકિત રહી નથી. દિવાળી નજીક આવી છે. વેચાણ થયું નથી. તો દિવાળી ઉજવવી ? માટે તાત્કાલિક સર્વે કરાવી ખેડૂતોને સહાય મળે તે સહાય મળે તે માટે સરકારમાં રજુઆત કરી યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

### જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **શ્રી વિમલ પી. પોપટ (એડવોકેટ)** અમરેલીના તે અમારા અસીલ **સલીમભાઈ વલીભાઈ કચરા**, રહે. દેરાસરથી ઘાંચીવાડ રોડ, મુ.અમરેલી, તા.અમરેલી, જિ. અમરેલી વાળા ની મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલ કે જેઓ અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાનાં અમરેલી ગામે રહે છે અને તેઓના અમરેલી જિલ્લાના અમરેલી ગામે ટીકો **નં.૧૧/૧, સીટી સર્વે નં. ૧૧૬ પૈકી** જેનું ક્ષેત્રફળ ૩૮–૦૦–૦૦ **ચો.મી. તથા સીટી સર્વે નં. ૧૧૭** જેનું ક્ષેત્રફળ **૧૧૧–૨૦–૫૩ ચો.મી.** જેનું કુલ ક્ષેત્રફળ **૧૪૯–૨૦–૫૩ ચો.મી.** વાળી મિલ્કતના ઉતરોતર રજી. વેચાણ **દસ્તાવેજ નં. ૫૮૪, તા. ૦૫/ ૦૭/૧૯૭૮** જે **શાંતિલાલ છોટાલાલ સંઘાણી અને કિશોરચંદ્ર બાબુલાલ સંઘાણી** વાળાઓએ **જગદીશભાઈ હરગોવિંદદાસ ખાલપાડા** પાસેથી ખરીદ કરેલ તથા રજી. વેચાણ **દસ્તાવેજ નં. ૫૮૫, તા.૦૫/ ૦૭/૧૯૭૮** જે **મથુરભાઈ છોટાલાલ અને જયંતિલાલ છોટાલાલ** વાળાઓએ **જગદીશભાઈ હરગોવિંદદાસ ખાલપાડા** પાસેથી ખરીદ કરેલ મિલ્કતનો દસ્તાવેજોની અસલપ્રત હાલ અમારા અસીલ કે તેઓને મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ ન હોય, આમ ઉપરોકત વિગતવાળી મિલ્કતનો ઉતરોતર દસ્તાવેજ અમોના અસીલ પાસેથી હાલ મળી આવેલ નથી. આ દસ્તાવેજો જો કોઈના કબજા હેઠળ રહેલો હોય અગર તો આ દસ્તાવેજનો આધાર રાખી કોઈ ત્રાહીત ઈસમે વ્યકિત, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેના ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો ઉપરોકત વિગતવાળી મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ – હક્ક – હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો, તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ **દિન–૭ માં** નીચેના સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલકત સંપૂર્ણ ટાઈટલ કલીયર કબજા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસીલ આ મિલ્કત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયાના મુદ્દત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહય રાખવામાં આવશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**વિમલ પી. પોપટ (એડવોકેટ)**
સેવાસદનથી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ,
અમરેલી– ૩૬૫૬૦૧ મો.નં. : ૯૪૨૮૭ ૯૩૪૨૦

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૫૧ |
| ૨ | ઘઉં લોકવન | ૫૬૨ | ૫૭૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૯૪ |
| ૪ | રાજગરો | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૫ | ચણા સફેદ | ૧૨૨૫ | ૨૦૫૦ |
| ૬ | અડદ | ૯૦૦ | ૧૫૨૫ |
| ૭ | ધાણા | ૧૧૦૦ | ૧૧૮૬ |
| ૮ | સોયાબીન | ૫૨૫ | ૭૯૬ |
| ૯ | મકાઈ | ૬૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | મગફળી | ૬૮૨ | ૯૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૧૨ | તલ સફેદ | ૧૮૩૫ | ૧૮૩૫ |
| ૧૩ | ચણા | ૯૫૫ | ૧૩૨૫ |
| ૧૪ | બાજરો | ૪૪૦ | ૪૪૦ |

### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : – બાબરા– અમારા અસીલ જમીન વેચનાર **રમેશજતી દયાળજતી ગોસ્વામી** રહે:– સ્વામીનારાયણ શેરી, મોટા દેવળીયા, તા :– બાબરા, જી : – અમરેલી વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **ખીજડીયા કોટડા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **રમેશજતી દયાળજતી ગોસ્વામી** વેચાણ દસ્તાવેજથી **હંસાબેન છગનભાઈ ઉમરેટીયા વા/ઓફ, ધનજીભાઈ સખિયા** રહે : – લક્ષ્મી નિવાસ, ચંપકનગર – ૧, પેડક રોડ રાજકોટ વાળા ને વેચાણ કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | **રમેશજતી દયાળજતી** | ૭૦૮ | ૫૭૬/ પૈકી ૧ | ૧–૬૧–૮૮ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો,બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૩૦ (ત્રીસ) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ અમારા અસીલ પાસેથી ઉપર મુજબની વિગતવાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ ખરીદનાર **હંસાબેન છગનભાઈ ઉમરેટીયા વા/ઓફ, ધનજીભાઈ સખિયા** ના નામે કરાવી આપીશુ. ત્યાર બાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ :– બાબરા
તા :– ૨૨–૧૦–૨૦૨૪

**અમારા અસીલ**
**શ્રી રમેશજતી દયાળજતી ગોસ્વામી**
**ની સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)
નાગનાથ કોમ્પ્લેક્ષ શોપ નં. ૧૪
મુ. બાબરા, જી. અમરેલી. મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૮૦૮ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૬૦ |
| ૩ | તલ કાળા | ૩૩૦૦ | ૩૫૦૧ |
| ૪ | બાજરો | ૪૯૧ | ૫૮૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૮ | ૬૭૫ |
| ૬ | જુવાર | ૭૩૫ | ૭૩૫ |
| ૭ | મગ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૮ | અડદ | ૧૦૩૬ | ૧૫૦૦ |
| ૯ | ચણા | ૧૧૯૦ | ૧૨૨૫ |
| ૧૦ | સોયાબીન | ૬૩૦ | ૭૭૦ |

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલનાં સરકાર પર શાબ્દિક પ્રહારો

# લ્યો બોલો : અતિવૃષ્ટિમાં ૧ લાખ કરોડનું નુકસાન અને સહાય માત્ર નજીવી

**ઉદ્યોગપતિઓનાં લાખો કરોડો રૂપિયા માફ કરનાર સરકાર ખેડૂતોને મદદ કરવામાં કરે છે પાછી પાની**

**રાજયનાં લાખો ખેડૂતોને આર્થિક રીતે ભારે નુકસાન હોય ૧૦ હજાર કરોડની સહાય જાહેર કરો**

**ખેડૂતોની હાલત અતિ દયનીય બની ચુકી હોય સરકાર મદદ કેમ કરતી નથી ?**

**રાજયનાં ૧૦૪ તાલુકાઓમાં લીલો દુષ્કાળ જાહેર કરવો પડે તેવી ગંભીર સ્થિતિ ઉભી થઈ છે**

અમરેલી, તા.૨૩

રાજયમાં ચાલુ વર્ષે કુદરત રૂઠી છે ત્યારે ગુજરાતનાં ખેડૂતોને એક લાખ કરોડ જેટલા નુકશાન સામે નજીવી સહાયનાં નામે મોટી જાહેરાતનો ઢોલ પિટતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને રાજયસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે રાજયમાં પહેલા અતિવૃષ્ટિ અને ત્યારબાદ કમોસમી વરસાદે ખેડૂતોની આખા વર્ષની મહેનત, તેના સપના, અરમાન પર પાણી ફેરવી નાખ્યું છે ત્યારે સરકાર પણ જાણે ખેડૂતોથી વિમુખ થઈ ગઈ હોય એ રીતે પાંચ પંદર હજાર સહાય આપી ખેડૂતોની મજાક કરી રહી છે. સરકારે ઉદાર હાથે જગતના તાતને ઉગારવા



મદદ કરવી જોઈતી હતી. પરંતુ ખેડૂતોની મુશ્કેલી સમયે સરકાર મોઢું ફેરવી લીધું છે. જગતના તાતને નુકસાન અનેક ઘણું થયું છે. ત્યારે ખેડૂત અને ખેતીને બચાવવા સરકાર ૧૦૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ આપ્યું હોત તો ખેડુત – ખેતીને બચાવી શકાય. ઉદ્યોગપતિઓના ૩૦ લાખ કરોડ રૂપિયા માફ કરનારી ભાજપ સરકાર ખેડૂતો પ્રત્યે દરેક વખતે કેમ ઓરમાયું વર્તન રાખે છે? અત્યારે ખેડૂતોના તૈયાર પાકના પથારાઓ તરી રહ્યા છે. પહેલા અતિવૃષ્ટિ અને ત્યારબાદ કમોસમી વરસાદના કારણે ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો કુદરતે છીનવી લીધો છે. અત્યારે ખેડૂતો રાતે પાણીએ રોઈ રહયા છે ખેડૂતોની આવી દયનિય સ્થિતિ હોવા છતાં ખેડૂતોની વાત સરકાર સુધી પહોંચતી નથી કે સરકાર સાંભળવા માંગતી નથી કુદરત કોઈના કન્ટ્રોલમાં નથી પણ સરકારે તો સાંભળવું જોઈએ કે નહીં ?ગુજરાતમાં ખેડૂતોને કુદરતી આપતી સામે રક્ષણ આપતી એકપણ યોજના અમલમાં નથી. ૧૪૦% થી વધારે વરસાદ હોવા છતાં લીલો દુષ્કાળ કેમ જાહેર કરતા નથી અમે ખેડૂતોનો હક્ક માંગીએ છીએ ભીખ નથી માંગી રહયા. ભાજપ સરકારની નીતિ ખેડૂતોના ભોગે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની છે ખેડૂતોની જમીન છીનવી લઈ ઉદ્યોગકારોને જમીન આપવાનો મોટો કારસો ભાજપ સરકાર કરી રહી છે ભાજપ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ઉદ્યોગપતિઓના ૩૦ લાખ કરોડ માફ કર્યા છે તો ખેડૂતોનું દેવું માફ શા માટે કરવામાં આવતું નથી ? ગુજરાતમાં ૧૦૪ તાલુકામાં નિયમોનુંસાર લીલો દુષ્કાળ જાહેર થવા પાત્ર હોવા છતાં સરકાર લીલો દુષ્કાળ જાહેર કરતી નથી. ખેડૂતોનાં મુશ્કેલ સમયમાં તેમને મળવા પાત્ર યોગ્ય વળતર આપવામાં આવે અને પાક ધિરાણ સામે કોઈ ઉપજ નથી થવાની ત્યારે સંપૂર્ણ પાક ધિરાણ માફ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

---

## વડેરા : જનતા વિદ્યાલયમાં આરોગ્લક્ષી કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૩

વડેરા જનતા વિદ્યાલય ખાતે આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ પોગ્રામ અંતર્ગત બાળકોના વજન, ઊંચાઈ, ઈખઈ, અને હિમોગ્લોબિનની તપાસ કરવામાં આવેલ તથા દરેક બાળકો ને પોષ્ટીક નાસ્તો અને પ્રોત્સાહક ભેટ આપવામાં આવેલ. આ તકે વડેરા ગામના સરપંચ ભરતભાઈ હપાણી, ઉપસરપંચ વિજયભાઈ બારૈયા, જનતા વિદ્યાલયના આચાર્ય મુકુંદભાઈ મહેતા, આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાનો સ્ટાફ સી એચ ઓ સપનાબેન રાણવા, એફ એચ ડબલ્યુ કે. બી દુધાત, એમ.પી. એચ. ડબલ્યુ ડી.જી રાજયગુરૂ, આશા બહેનો બીલકીસબેન તથા કાજલબેન અને જનતા વિદ્યાલયના શિક્ષકો નો સ્ટાફ ઉપસ્થિત રહેલ.

---


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

70,500/-
(૧૦ ગ્રામ)

રહેલ તા. ૨૩/૧૦/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો

95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


---

### સ્થાનિક વન વિભાગના સહયોગથી

## બાબરામાં વડલીવાળી મેલડી માં મંદિરે માં ગૃપ દ્વારા વૃક્ષારોપણ કરાયું

**૬૦ જેટલા અલગ અલગ વૃક્ષોનું વૃક્ષારોપણ કરી જતન કરવાનો સંકલ્પ**

બાબરા, તા. ૨૩

બાબરામાં મેલડીમાં મંદિરે માં ગૃપ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ સ્થાનિક વન વિભાગ ના સહયોગ થી કરવામાં આવ્યો હતો અહીં મેલડીમાં મંદિરે માં ગ્રુપના રાજુભાઈ સાવલિયા સહિતના મિત્રો દ્વારા ૬૦ જેટલા અલગ અલગ વૃક્ષો નું વૃક્ષારોપણ મેલડીમાં મંદિરના ઉપાસક રાજુભાઈ જેઠવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું અને તેના ઉછેર અને જતન કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

અહીં મેલડીમાં મંદિરમાં માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવાના રાહબલહેઠળપર્યાવરણનીજબરીકામગીરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

કરવામાંઆવેછેજેમાંઅગવાપણઅનેકવૃક્ષો નુંવાવેતર કરવામાંઆવ્યુંહતુંઅહીંતળાવના કાંઠે ૬૦જેટલાઅલગઅલગવૃક્ષોનુંવાવેતર કરવાઆવતાઆગામીસમયમાંઅહિંમંદિરે આવતા ભાવિકો ઉનાળા સમયમાં વૃક્ષ ના છાયા નીચે બેસી શકે.

---

### આગામી દિવસોમાં તાલુકાના ખેડુતો એકત્ર બની આવેદન આપી ન્યાય માટે ગુહાર લગાવશે

## બાબરા તાલુકામાં અતિવૃષ્ટિ અંગે ખેડુતો ને વળતર આપાવવા તાલુકા કોંગ્રેસ, આમ આદમી પાર્ટીની સંયુક્ત બેઠક યોજાઈ

**ખેડુતોના પાક ધિરાણ માફ નહિ થાય તો આંદોલનના મંડાણ થશે**

બાબરા, તા. ૨૩

બાબરા તાલુકા માં છેલ્લા વરસાદ થી ખેડુતો ની કફોડી સ્થિતિ નો ચિતાર જાણવા આજે બાબરા તાલુકા કોંગ્રેસ અને તાલુકા આમ આદમી પાર્ટી ની સંયુક કાર્યકર્તાઓની બેઠક મળી હતી ઉપસ્થિત તાલુકા ના આગેવાનો ના જણાવ્યા મુજબ છેલ્લા એક અઠવાડિયામાં પડેલા ઉપરાછાપરી વરસાદ થી મગફળી અને સોયાબીન સહિત કપાસ ના પાકો માં વ્યાપક નુકશાન થયું છે અને ખેડુતો તથા શ્રમિકો ની આજીવિકા નો સવાલ પેદા થયો છે સાથો સાથ મગફળી અને સોયાબીનના સુકો ચારાનો પણ નાશ થતા પશુપાલન કરવું દુષ્કર બન્યું છે. અમરેલી જિલ્લા માં પાંચ પાંચ ધારાસભ્ય અને સાંસદ ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા પ્રતિનિધિ છે અને ખેડુતો ના પાક નુકશાન અંગે ખેડુતોની વચ્ચે આવી સ્થળ નિરિક્ષણ કરવા અને વળતર અપાવવા તસ્દી લેતા નથી આવા સમયે ખેડુતોના હિત માટે બાબરા તાલુકા કોંગ્રેસના પ્રમુખ ભોળાભાઈ સાકરીયા અને શહેર આમ આદમી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

પાર્ટીના પ્રમુખ કૌશિકભાઈ ભરાડ દ્વારા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારના મુખ્ય આગેવાનોની બેઠક બોલાવી અને રાજય અને કેન્દ્ર સરકાર માં ખેડુત હિતના પ્રશ્ને અવાજ ઉઠાવવા માટે આગામી દિવસોમાં તાલુકા માંથી મોટી સંખ્યા માં ખેડુતો ને સાથે રાખી તાલુકા અને જિલ્લા કક્ષા એ આવેદન આપી પાક ધિરાણની રકમ માફ કરાવવા અને તાલુકા માં અતિવૃષ્ટિ અંગે નો સર્વે હાથ ધરાવી આગામી રવિ પાક ધિરાણ માં વ્યાજ મુક્તિ આપવા માંગ ઉઠાવવા માં આવશે. તાલુકાના મુખ્ય બન્ને આગેવાનોના જણાવ્યા મુજબ રાજય સરકાર ખેડુતો ના હિતમાં યોગ્ય નિર્ણય જાહેર નહિ કરે તો બાબરા તાલુકાના ખેડુતો ને સાથે રાખી રાજય સરકાર માં જાણકારી અને આંદોલનનું રણશિંગુ ફુંકવા પણ તૈયારી કરવા માં આવશે.

ખેડુત આગેવાનોની બેઠકમાં જાણીતા આગેવાનો બાબુભાઈ કારેટીયા બાવાલાલ હિરપરા નટુભાઈ જાસલીયા સહિતના મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

### જીલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતની રજૂઆત

## લીલીયા મોટા તાલુકામાં દિપડાઓને ન છોડવા માટે માંગ કરવામાં આવી

**જીલ્લા પંચાયતનાં પ્રમુખને પત્ર પાઠવ્યો**

લીલીયા, તા. ૨૩

જીલ્લા પંચાયતનાં સદસ્ય તાલુકા વિપુલ દુધાત જીલ્લા પંચાયતનાં પ્રમુખ ભરત સુતરીયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે લીલીયા તાલુકાના ૩૭ ગામમાં ખેડૂતો વસવાટ કરે છે અને ખેતીના વ્યવસાય સાથે યુવા અગ્રણી ગુજરાતનાં અસરગ્રસ્તોની સેવા કરવાને બદલે કોંગી ધારાસભ્યો કરે છે જલ્સારાજયની જનતા ભાજપ સાથે જોડાયેલી છે અને હાલમાં ખેતીકામ માટે અન્ય વિસ્તારમાંથી મજૂરી અર્થે મજૂરો આવી રહ્યા છે જે ખેતરોમાં વસવાટ કરી



રહ્યા છે પરંતુ વન વિભાગ દ્વારા લીલીયા તાલુકાના અલગ અલગ ગામડાની અંદર અન્ય વિસ્તારમાંથી લાવીને દીપડાને મુકવા / છોડવામાં આવી રહ્યા છે. જેથી દીપડાની સંખ્યા ખુબ જ પ્રમાણમાં વધી ગયેલ છે. અને અન્ય વિસ્તારમાં દીપડા દ્વારા જે રીતે બાળકો મહિલાઓ અને ખેતરોમાં કામ કરતા લોકો પર હિંસક હુમલા થયેલ તે રીતે લીલીયા તાલુકામાં પણ દીપડા દ્વારા લોકો પર હિંસક હુમલા થયેલ છે જેના કારણે ખેતરોમાં વિસ્તારમાં વરવાટ કરતા મજુરોમાં ભયનું વાતાવરણ છે જેની લીલીયા વન વિભાગ દ્વારા દિપડાના મુકવા / છોડવામાં આવે અને ખેડૂતો, ખેતરોમાં વસવાટ કરતા મજુરોના હિતમાં વન વિભાગ મુકવા / છોડવામાં આવેલ દીપડાને તાત્કાલિક ધોરણે ગીર જંગલ વિસ્તારમાં સ્થળાંતર કરવા અંતમાં માંગ કરેલ છે.

---

### ચોમાસાના દિવસો લગભગ પુર્ણ થવામાં છે ત્યારે

## સાવરકુંડલા શહેરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા

**ગરીબ અને મધ્યવર્ગીય પરિવારોની હાલત દયનીય**

સાવરકુંડલા, તા. ૨૩

સો ની નોટ તો શાકમાર્કેટમાં શાકભાજીની ખરીદીમાં આંખના પલકારામાં પાણીની જેમ વપરાય જાય. આ ભાવવધારાને કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ જતું જોવા મળે છે ચોમાસાના દિવસો લગભગ પૂર્ણ અને શિયાળાની શરૂઆત થવા છતાં શાકભાજીના ભાવ આસમાને. ટમેટા, બટેટા, દુધી, તુરિયા જેવા શાકભાજી પણ મોંઘા ભાવના થયા છે. ડુંગળી અને લસણ સમેત મોટાભાગના શાકભાજી હાલ મોંઘા જોવા મળે છે. એમ ગણીએ તો ચોમાસાના અંતિમ દિવસો અને શિયાળાના પ્રારંભે શાકભાજી સસ્તા હોય છે પરંતુ આ વર્ષે વરસાદને કારણે ધોવાઈ ગયેલ શાકભાજીના પાકને કારણે યાર્ડમાં જ



શાકભાજીની આવક ઓછી જોવા મળે છે. વળી માંગ અને પુરવઠાના નિયમ મુજબ ઓછું ઉત્પાદન પણ ભાવવધારા માટે કારણભૂત ગણી શકાય.

---

APM TERMINALS
Lifting Global Trade

## ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ

**રજીસ્ટર્ડ ઓફીસ :** પિપાવાવ પોર્ટ, મુકામ પોસ્ટ રામપરા-૨ વાયા રાજુલા, જિલ્લો-અમરેલી, ગુજરાત-૩૬૫૫૬૦

**CIN:** L63010GJ1992PLC018106 **ફોન :** ૦૨૭૯૪ ૨૪૨૪૦૦ **ફેક્સ :** ૦૨૭૯૪ ૨૪૨૪૧૩

**વેબસાઇટ :** www.pipavav.com **ઇમેઇલ :** investorrelationinppv@apmterminals.com

સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ અને ડિસ્ક્લોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ નાં નિયમન ૪૭ સાથે વંચાતા નિયમન ૨૯ અન્વયે, અહીં નોટીસ આપવામાં આવે છે કે ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ (કંપની) નાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની બેઠક બુધવાર, ૬ નવેમ્બર, ૨૦૨૪ નાં રોજ અન્ય બાબતોની સાથે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ પુરા થતાં ત્રિમાસિક અને છ માસિક ગાળાના અનઓડિટેડ અલાયદા અને સંયુક્ત પરિણામોની વિચારણા, કંપનીના ઇક્વિટી શેર કેપિટલ પર નાણાંકિય વર્ષ ૨૦૨૪-૨૫ ના વચગાળાના ડિવિડન્ડની ઘોષણા અને વચગાળાના ડિવિડન્ડની રકમ મેળવવા માટે લાયક સભ્યો નક્કી કરવાની રેકોર્ડ તારીખ નક્કી કરવા માટે યોજાશે.

આ નોટીસ કંપનીની વેબસાઇટ www.pipavav.com અને સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ www.bseindia.com અને www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

ગુજરાત પિપાવાવ પોર્ટ લીમીટેડ માટે
મનિષ અગ્નિહોત્રી
કંપની સેક્રેટરી

**તારીખ :** ૨૧ ઓક્ટોબર, ૨૦૨૪
**સ્થળ :** મુંબઈ

દર ગુરૂવારે સાંજે માણો
કેન્ડલ લાઈટ ડીનર

Avadh
Family Restaurant & Banquet Hall
Near Ram Enterprise, Market Yard Road, Amreli 82385 66066

Sheetal
We are HIRING!
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (MALE | FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
EXPORT EXECUTIVE
(GRADUATE) (MALE | FEMALE)
Ready to take your future career to new heights?
PLEASE SEND YOUR CV
APPLY NOW
+91 98750 88560
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાના લાડુ તેમજ ઉંધીયુ
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

LG Life's Good.
India ka Celebration
Celebrate this Navratri, by bringing home the joy and happiness with exciting offers on LG UHD TV.
CELEBRATION OFFERS
FIXED EMI ₹999/-* onword
0% DOWN PAYMENT
10% CASHBACK (Max upto ₹7500/-)
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૨૪-૧૦-૨૦૨૪, ગુરૂવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
- યાદશક્તિ અને ગ્રહણશક્તિમાં વધારો
- આયુર્વેદીક રસીકરણ
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
- પાચનશક્તિમાં વધારો
- રોગપ્રતિકારક શક્તિ વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને

હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ



બાબરાના લોહાણા સમાજનાં ગૌરવ એવા "શ્રી હસુભાઈ એન. પોપટ"ની બાબરા ની અતિ મહત્વની નાગરીક સહકારી બેંકમાં ચેરમેન તરીકે સર્વાનુમતે વરણી થતાં ખુબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ....

શ્રી હસુભાઈ એન.પોપટ
ચેરમેનશ્રી
નાગરીક બેંક-બાબરા

:: Well Wisher ::
Bistro Entertainment Bengaluru
Romeo lane Bengaluru
Romeo lane & Birch Goa


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)